ॐ

# અધ્યાત્મ

વર્ષ : ૮ મે-૧૯૮૭ અંક : ૮

## * સદ્દભાવભરી ભેટ *

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સમયથી ચાલુ થયેલી આ સદ્દભાવભરી ભેટની સરવાણિ અસ્ખલિત ચાલી રહી છે. પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની દોરવણી નીચે અધ્યાત્મ પ્રગતિ કરી રહ્યું છે, ને ભેટનો સ્રોત ચાલતો રહે છે. પ્રભુની કૃપા સિવાય એ થોડું બની શકે ?–સદ્દભાવનો સ્રોત વહાવનાર એ સહુ ભાઇબહેનોને અભિનંદન.

રૂા.

- ૫૧ શ્રી કુસુમબેન કાન્તિલાલ શુકલ, અમદાવાદ. નવા ઘરમાં રહેવા જતાં.
- ૫૧ શ્રી કાન્તિલાલ હિમ્મતલાલ શુકલ અમદાવાદ. ભાઇ પરેશ ડી. ઇ. ઇ. માં સેકન્ડ કલાસમાં પાસ થતાં.
- ૧૦૧ દક્ષાબેન રમેશભાઇ ભક્ત, સુરત.
- ૧૦૨ દીપકકુમાર મોહનલાલ શાહ, અમદાવાદ.
- ૨૨ એક મોરબીના સાધક તરફથી.
- ૧૦૦ સુરતના એક સાધકભાઇ તરફથી.
- ૧૧ અરૂણાબેન ઠક્કર, ભાવનગર. બા બાપુજીની સ્મૃતિમાં.

* * *

## * હવે છપાયાં છે. *

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ કાવ્યમાં અનુવાદિત કરેલ 'શિવમહિમ્ન સ્તોત્ર' તેમજ 'વિષ્ણુ સહસ્ર' નાં પુસ્તકો નાની સાઇઝમાં મૂળ સંસ્કૃત પાઠ સાથે પ્રસિદ્ધ થયેલ છે.

બન્નેની અલગ અલગ કિમ્મત રૂા. ૩ છે. પ્રાપ્તિ સ્થાન : નારાયણ હ. જાની, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર, ભાવનગર. ૧ અથવા શ્રી બાબુભાઇ વોરા, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાઇટી, નવરંગપુરા, અમદાવાદ–૯.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૮ અંક : ૮ છૂટક નકલ ૩–૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

* અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| જીવનયાત્રાને પગલે પગલે... | નારાયણ હ. જાની | ૯ |
| વ્રતોત્સવ (૨) | કલ્યાણ | ૧૯ |
| એક સાધકના યોગાનુભવોમાંથી | પુષ્કર ચંદરવાકર | ૨૫ |
| कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने | મહેન્દ્રકુમાર દેસાઇ | ૩૪ |
| કૈં ના વળે... | ડૉ. રણજિત પટેલ | ૪૪ |
| શ્રી યોગેશ્વરજી–અમ વિશ્રામવટ | શ્યામભાઇ | ૪૫ |
| તેનું ભજન કરું | હરિ ૐ | ૪૯ |
| આત્મયોગ | મમતા ભાટિયા | ૫૦ |
| ઊંડા અંધારેથી | ભૂપતરાય ઠાકર | ૫૫ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૮ મે-૧૯૮૭ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

તારીખઃ–૧૪–૮–૮૦ ગુરુવાર. વિ. સંવત ૨૦૩૬ શ્રાવણ સુદ ચોથ, વડોદરા.

આજે સવારે ૮–૩૦ વાગ્યે વડોદરાના આ નિવાસસ્થાન-માંથી વિદાય લેવાની હતી. પૂ. શ્રી સમયસર કામો કરીને આજે આઠ વાગ્યે જ દ્વાર ઉઘાડવાની સૂચના આપે છે. શ્રી જીતુભાઇ તથા તેમનાં ધર્મપત્ની શ્રી કુંદનબેન તેમની પુત્રી કલ્પુ તથા પુત્રો મનોજભાઇ, ભરતભાઇ તથા એ સૌને પ્રેરણા તથા સંસ્કારનો વારસો આપનાર એમના પિતાજી શ્રી મગન-લાલ ગાંધી સૌ રૂમમાં આવી ગયા. ફૂલહાર પહેરાવી પ્રણામ કરી સૌ ઉભા રહ્યાં. શ્રી મગનલાલ ગાંધી પૂ. શ્રીને ફૂલહાર પહેરાવીને વિનંતી કરે છે કે મા ( સર્વેશ્વરી ) જે ભજન ગાય છે તેજ હુંપણ માંગુ છું કે મને ફરી જલ્દી દર્શન આપજો ને આ સૌને સેવાની તક આપજો. મારી હવે શી ગતિ થવાની છે તેની મને ખબર નથી, મારી એવી કોઇ પણ લાયકાત નથી પણ મને તમારું દર્શન આપજો.

પૂ. શ્રીએ કહ્યું: "એમણે ( શ્રી જીતુભાઈએ ) ખૂબ સારી સેવા કરી છે. તમે શાંતિથી પ્રભુનું સ્મરણ કર્યા કરજો, ચિંતા નહીં કરશો." એમના વૃદ્ધ પિતાજીની આવી વાતથી વાતાવરણમાં ગંભીરતા છવાઇ ગઈ. પૂ. શ્રીએ કહ્યું કે જે કોઇ નીચે આવ્યા હોય તેઓને પણ ઉપર જ બોલાવી લો. એ દરમ્યાન પૂ. શ્રી દૂધ લઈ લે છે.

નીચેથી દશબાર ભક્તો ઉપર આવી ફૂલ તથા પ્રણામ અર્પણ કરી બેઠા છે. વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના નિવૃત્ત વડા પ્રોફેસર શ્રી અનામી સાહેબ પધારે છે. પૂ. શ્રી તેમની સાથે થોડો વાર્તાલાપ કરી તેમને 'હિમાલયના પત્રો' પુસ્તક ભેટ આપે છે. શ્રી કુંદનબેન આરતીની તૈયારી કરે છે. "ગુરુદેવ હે યોગેશ્વર પ્રભુ..."ની પંક્તિઓ વડે પૂ. શ્રીની આરતી ઉતારી સૌ ભક્તો પ્રણામ કરી પ્રસાદ લઇ નીચે જાય છે. શ્રીજીતુભાઇની પુત્રી કલ્પુની આંખમાં સતત આંસુ વહી રહ્યાં છે. વિદાયનું દુઃખ એને માટે અસહ્ય છે. પૂ. શ્રી આશ્વાસન આપતાં કહે છે, "એમાં શું રડવાનું ? જીવનમાં એવું તો ચાલ્યા જ કરવાનું-મળવાનું, છૂટા પડવાનું. જોને, અમે આઠ-નવ વરસના નાનકડા હતા ત્યારે બધાંને છોડીને મુંબઇ ગયા. વળી સત્તર અઢાર વરસના હતા, ત્યારે હિમાલય ગયા વગેરે."

પૂ. શ્રી નીચે આવ્યા એટલે સૌએ પ્રણામ કરીને વિદાય આપી. શ્રી જીતુભાઈ પોતાની ગાડીમાં પૂ. શ્રીને અમદાવાદ મૂકવા આવનાર છે. પૂ. શ્રીએ ગાડીમાં બેઠક લીધા પછી શ્રી જીતુભાઇ બેઠા અને પૂ. શ્રીની આજ્ઞા લઇને વડોદરા ધ્યાનકેન્દ્રના શ્રદ્ધાળુ નાનકડા યુવાન સંચાલક શ્રી રાજુભાઈ પુરોહિતને પણ ગાડીમાં બેસાડી દીધા.

સૌ સાધકો તા. ૧૫ મી ઓગસ્ટે (પૂ. શ્રી યોગેશ્વરજીના



પ્રાગટ્ય દિને) અમદાવાદ કાર્યક્રમ હોવાથી ત્યાં મળનારા હોવાથી વિદાયનું વાતાવરણ હળવું હતું.

પૂ. શ્રીની ઇચ્છા શ્રી સંતરામ મંદિર (નડિયાદ)ના શ્રેષ્ઠ મહંત શ્રી નારાયણદાસજી મહારાજને મળવાની હતી. તે યોજના મુજબ અમે નડિયાદ પહોંચી ગયાં.

વડોદરાથી વિદાય થતાં ફર્ટીલાઇઝર નગરમાં પૂ. શ્રીના હમણાં હમણાં પરિચિત થયેલા એક ભક્ત શ્રી દોલતભાઈ કે. નાયકે ( ૬૫૬–એ, ફર્ટીલાઇઝર નગરે ) પૂ. શ્રીનું સ્વાગત કર્યું. અધ્યાત્મ માસિકના આજીવન સભ્યપદ તરીકે પૂ. શ્રીના ચરણોમાં ભેટ ધરી. એક કલાક માર્ગમાં રાહ જોઇને ફૂલહાર લઇને ઉભા હતા. એક ભાવયુક્ત ભજન પણ તેઓએ ગાયું. ખૂબ ભાવભીનું એ સ્વાગત હતું. ગાડી આગળ ચાલી.

નડિયાદ શ્રી સંતરામ મહારાજના સ્થાનમાં પૂ. શ્રી નારણદાસજી મહારાજ સાથે પૂ. શ્રી લગભગ અર્ધો કલાક બેઠા. મહારાજશ્રીના વૃદ્ધ માતાજીને પણ ઉપર પૂ. શ્રી મળવા ગયા. કોલેજના પ્રોફેસર શ્રી જયંતીભાઈ જોશી પણ પૂ. શ્રીને મળવા આવી ગયા. નડિયાદથી વિદાય થયા.

માર્ગમાં પૂ. શ્રીએ રાજુભાઇ સાથે થોડી વાતો કરી. વાત ચાલતી હતી એના અનુસંધાનમાં મેં એક પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્નઃ-હજી આપ ત્રીસ ચાલીસ જેટલા વરસો રહીને કલ્યાણકાર્ય કરશો ને ?

પૂ. શ્રીઃ–ત્રીસ ચાલીસ વરસો શા માટે ? યુગો યુગો સુધી કલ્યાણકાર્ય કરીશું. પણ ઘણીવાર એમ થાય છે કે લોકોનાં દુઃખો દૂર કરવા યુગે યુગે આવવાની ઇચ્છા નકામી થાય છે. એ પણ એક જાતની મીઠી સોનાની જાળ જ છે ને યુગે યુગે આવીને પણ લોકોમાં તો ખાસ કાંઈ સુધારો થતો નથી."

માર્ગમાં બીજી પણ ઘણી વાતો થઇ. અમદાવાદમાં શ્રી બાબુભાઇ વ્હોરા ૩૧, ગવર્ન. સર્વ. હા. સોસાયટી, નવરંગપુરાના મકાનમાં સમયસર આવી ગયા. શ્રી બાબુભાઇએ સ્વાગત કર્યું. ત્યાં શ્રી સુતરીયા, શ્રી અતુલ કોન્ટ્રાક્ટર વ. હાજર હતા. પૂ. શ્રીએ ભોજન કર્યું ને પછી અમદાવાદનો નવો ઉતારો જ્યાં ગોઠવાયો હતો ત્યાં આવી પહોંચ્યા.

શ્રી નંદુભાઈ વ્હાવાળાના મકાન 'પ્રયાગ'માં સંઘવી હાઈસ્કૂલ પાસે નારણપુરા અમદાવાદમાં ઉતારો હતો. ત્રીજા માળે ચાર રૂમનો સગવડયુક્ત ઉતારો હતો. ઘરના સૌ સાથે યોગ્ય વાતો ને સૂચનો કરીને પૂ. શ્રી પૂ. માતાજીને અહીં લાવવાની અને તેમને મળવાની, સાથે રાખવાની, યોગ્ય વાતો શ્રી જીતુભાઈ અને શ્રી બાબુભાઇ સાથે વિચારી લીધી. સૌ વિદાય થયા ત્યારે બપોરના ત્રણ થવા આવ્યા હતા.

પગથિયાં ઘણાં જ હોવા છતાં પ્રભુની કૃપાથી પૂ. શ્રી ઉપર ચઢી શક્યા. આરામ કર્યો સૌને છ વાગ્યે મળવાની સૂચના આપી છે.

સાંજે સત્સંગના સમયે થોડા ભકતો આવ્યા, જેમાં કેટલાક નવા હતા. થિયોસોફી સોસાયટીની વાતો થઇ. પૂ. શ્રી કહે છે : "મારે થિયોસોફી સાથે વિશેષ લહેણું હોય એવું લાગે છે, એમ તો બધા સાથે જ છે, પણ જ્યાં જ્યાં પ્રવચનો ગોઠવાયાં ત્યાં ત્યાં તે તે શહેરમાં થિયોસોફીમાં જવાનું બન્યું, એટલું જ નહીં, પણ વડોદરા કે અમદાવાદ જેવા શહેરમાં થિયોસોફીએ જ મારુ પ્રવચન પ્રથમવાર ગોઠવ્યું હતું."

ત્યાંજ એક ભાઇએ (જેઓ નવા હતા તેમની વાતો પરથી લાગતું હતું કે તેમણે નવે.-૭૯ ના ૮ મી તારીખ સુધીના સંઘવી હાઇસ્કૂલમાં પૂ. શ્રીના પ્રવચનો સાંભળ્યાં



હતાં.) તેમને પ્રશ્ન પૂછયોઃ-

પ્રશ્નઃ-સંઘવી હાઇસ્કૂલના પ્રવચન પછી બીજે જ દિવસે એટેક આવ્યો જેથી ઘણાંને વિચારો આવે છે કે પ્રાણાયામ ને આસનો કરનાર યોગેશ્વરજીને હાર્ટએટેક કેમ આવ્યો હશે?

પૂ. શ્રીઃ-અમને પણ વિચારો આવેલા. અમને એવા વિચારો આવેલા કે સીતાનું વળી હરણ થાય અને તે પણ જેને ભગવાન રામ કહેવામાં આવે તેની પત્નીનું! વળી અમને ત્યારે પણ વિચારો આવેલા કે ભગવાન કૃષ્ણને વળી દોડવું પડયું ને છેલ્લે ભગવાન કૃષ્ણને વળી બાણ વાગે? અમને એવા જ વિચારો ઇશુને ક્રોસ ઉપર ચઢાવ્યા ત્યારે પણ આવેલા. વળી આપણે મકાનમાં રહીએ એટલે વિચારો આવે કે ન આવે પણ ભાડુ કે ટેક્ષ તો આપવો જ પડે ને?

તો મને જ્યારે એ માંદગી શરૂ થઇ ત્યારે પરમશક્તિને મેં પૂછ્યું તો કહે હમણાં જવાનું નથી હજી તો ઘણું રહેવાનું છે. તો મેં સેવા કરતા સૌને તે જણાવી દીધું. તો તમે પણ એ રીતે સમજી કે જાણી શકો છો.

ભાઈઃ-ના. અમારી પાસે એ શક્તિ કયાં છે?

પૂ. શ્રીઃ-તો પછી અમારા અને તમારામાં આટલો ફેર છે. વળી ઓકટોબરમાં હું સૂરત એમને ત્યાં (મારા તરફ આંગળી કરી) હતો ત્યારે પરમશક્તિએ લખી આપ્યું હતું કે ડીસેમ્બરમાં ગુરુદેવને તમારી ખૂબખૂબ ખૂબ જ જરૂર પડશે, તમે સંસારમાં નહીં રહી શકો. ગુરુદેવની સાથે જ રહેશો. બોલો. આ વાત પરથી લાગે છે કે બધું જ પૂર્વયોજીત હોય છે. તેમ માંદગી પણ પૂર્વયોજીત હતી.

પણ એ માંદગી વખતે મહાપુરુષોના મનની સ્થિતિ કેવી હોય છે, કેવી રહે છે તે તો તમે સાથે જે સેવામાં રહેતા હતા, તેમના મુખે સાંભળો તો ખબર પડે.

પ્રાણાયામ કરે તેને હાર્ટએટેક નહીં આવે એમ ન કહી શકાય. હાર્ટએટેકનાં તો ઘણાં કારણો છે, જેમાં અતિશ્રમ અને વધુપડતું લાગણીશીલ હૃદય પણ હોઇ શકે.

પ્રશ્નઃ–સંસાર અને સાધના સાથે થઈ શકે ?

પૂ. શ્રીઃ–સંસારમમાં રહીને સાધનાનો સમન્વય કરવો હોય તો થઈ શકે, આખા દિવસમાં તમે સાધના માટે સમય ફાળવી શકો છો. સવારે સમય મળે છે તો જપ ધ્યાન પ્રાર્થના કરો, વખત મળે સારાં પુસ્તકો વાંચો, સાંજે કે રાત્રે ઘરમાં સૌ સાથે બેસી પ્રાર્થના કરો તો ઘરનું વાતાવરણ પણ સુધરશે ઘરડા થઇશું ત્યારે સાધનભજન કરીશું એવી રાહ ન જુઓ, પહેલાં એ રીતે થઇ શકતું પણ હવે તો કેટલાં વર્ષ આપણે જીવીશું એની કોઈ ગેરંટી આપતું નથી. માટે સાધના માટે રાહ ન જોવી. આટલી વાતચીત થતી હતી ત્યાં જ અહીંથી ( શ્રી નંદુભાઈ ચ્હાવાલા, 'પ્રયાગ'–નારણપુરા બેન્કપાસેથી ) પૂ. માતાજીને લેવા માટે શ્રી જીતુભાઇ ગયા હતા તે પૂ. માતાજીને લઈ આવી પહોંચ્યા. પૂ. માતાજીની શારીરિક અસ્વસ્થતાને લીધે તેમને ખુરશી ઉપર બેસાડીને ચઢાવવામાં આવ્યાં. પૂ. શ્રી પણ દશબાર પગથિયાં ઉતરીને તેઓને મળવા સામે ગયા. રાત્રે ૯-૦૦ સુધી પૂ. માતાજી સાથે વાતો કરી પૂ. માતાજી વિદાય થયાં.

પૂ. શ્રી ઉપર આવ્યા ત્યારે ખૂબ થાકી ગયા હતા. તેમણે દૂધ-કેળાં લીધાં ને આરામ કર્યો. તેમને શારીરિક માનસિક થાક અતિશય હતો.

મહાપુરુષોને પણ માનવશરીર ધારણ કર્યું એટલે શરીરના ગુણધર્મો, પ્રકૃતિની અસર કે થાક વિ. લાગે. પણ પૂ. શ્રીની બાબતમાં હું જોતી આવી છું કે તેઓ બધુ શાંતિથી

( અનુસંધાન પૃષ્ઠ ૫૭ ઉપર )



# જીવનયાત્રાને પગલે પગલે

નારાયણ હ. જાની

છેલ્લા થોડાક વખતથી જીવનમાં એવું લખાયું છે કે એક સ્થાને સ્થિર રહેવાનું બહુ ઓછું બને છે. કોઇ ને કોઇ પ્રસંગો એવા ઊભા થાય કે પ્રવાસ કરવોજ પડે.

મસૂરીની યાત્રા પરથી આવ્યે માણ અઠવાડિયું થયું હશે ને અમારા મોટા પુત્રનો ફોન આવ્યો, "મારે છોકરીઓના પરીક્ષાના દિવસોમાં બહારગામ જવાનું છે, તમે આવો તો સારૂં. તમારી હાજરીથી છોકરીઓને હૂંફ રહેશે ને અભ્યાસમાં કંઇ મુશ્કેલી હશે તો શીખી શકશે."

એટલે અમે બંને તા. ૮/૪/૮૭ના રોજ એને ઘરે રાજકોટ પહોંચી ગયાં.

આમ તો અમે નિવૃત્ત માણસ. અમારે કયાં રહેવું ને કયારે શું કરવું તેની સંપૂર્ણ સ્વતંત્રતા. કેવું સરસ જીવન! કોઈ ખાસ સાંસારિક બંધન નહિ, છતાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ આપેલું એક બંધન–અને તે અધ્યાત્મની પ્રવૃત્તિ. તેનો વિચાર અમારે કરવો પડે.

અમારા પુત્રનું મકાન રાજકોટ શહેરના ગીચ વિસ્તારથી દૂર–એરોડ્રોમ રોડ પર,–અરે, એરોડ્રોમના વિસ્તારથી માંડ ૨૦૦ ડગલાં દૂર. એ વિસ્તારમાં હલચલ ને અવરજવર ફકત વિમાન આવવા–ઉપડવાના સમયેજ થાય. બાકી આખો દિવસ સંપૂર્ણ શાંતિ.

પહેલા દિવસેજ સવારે વહેલા ઊઠી વિચાર્યું, "ચાલો થોડું ફરી આવીએ" અમારા પુત્રની વચેટ દીકરી કૃપા અમારી સાથે આવી.

રેસકોર્સ બાજુ ફરવા નીકળ્યા. ત્યાં ઘણાં માણસો આવે–સ્ત્રી પુરુષો, યુવાન-યુવતીઓ, થોડા ઘરડાઓ, તો કેટલાક છોકરાઓ પણ આવે. કોઇક દોડે, કો'ક ઝડપથી ચાલે તો કોઇ આરામથી ટહેલતાં ટહેલતાં ચાલે. જોવાની મઝા આવે. કોઈક શરીરના અતિભારે વજનને જાણે કોઈક કોથળો ઉચકીને અતિ મુશ્કેલીથી ચાલતાં ન હોય એમ ચાલે. એમને જોતાં થાય, અરે, પ્રભુ, આટલું બધું શરીર વધ્યું, ત્યાં સુધી આ ઊંઘતાંજ રહ્યાં હશે શું ?"

ભાત ભાતની ચાલ ને ભાત ભાતના લોકો. પણ બધાજ આ શરીરની સાચવણીની મથામણમાં પડેલા જીવો દેખાય. કોઇને સવારનો એ શ્રેષ્ઠ સમય તન અને મનના ભેગા સ્વાસ્થ્ય માટે–પ્રભુસ્મરણ કરવાનું, ધ્યાનમાં બેસવાનું, પ્રાર્થના કરવાનું, જપ કરતાં કરતાં ફરવાનું કેમ નહિ સૂઝતું હોય ! અમને એવા વિચારો આવતા.

અમે હાથમાં માળા સાથે મૌન રાખી જપ કરતાં કરતાં ઝડપથી ચાલતા. કેવો આનંદ આવે !

પરંતુ બીજા દિવસે અમને થયું. અરે ! આ પાસેનો એરોડ્રોમ વિસ્તાર સરસ છે. ચોકખો છે ને ખૂબ શાંત છે. ચાલો, ત્યાંજ જઇએ. એટલે પહેલાં અમે એકલાજ ગયા.

ફકત આખા રસ્તા ઉપર એક પતિ–પત્ની આંટા મારતાં દેખાયાં, બાકી કોઈજ નહિ. આંખો મીંચીને ચાલ્યા જાઓ. ટ્રાફિકની અવરજવર જ નહિ. જયાં માણસો જ નહિ ત્યાં વાહન તો હોય કયાંથી ? કેવું સરસ ! એરોડ્રામના મકાન આગળ ખૂબ ખુલ્લો વિસ્તાર. ગાડીઓ પાર્ક કરવાની સરસ મઝાની ડામરવાળી ખુલ્લી જગા. અમને તો આ રસ્તા ઉપર ઝડપથી આંટા મારતાં મારતાં પ્રભુના જપ કરવાનું ખૂબ ગમી



ગયું. બાર ચૌદ ચક્કર માર્યા પછી થોડો થાક લાગ્યો. "થયું, ચાલો હવે કયાંક બેસીએ." પણ બેસવું કયાં ? ત્યાં એક બાજુ ઝીણી કપચીનો મોટો ઊંચો ઢગલો પડેલો દેખાયો, તેના ઉપર થોડા લાદીઓના છૂટા છવાયા ટુકડા વેરવિખેર પડેલા. અમને એ સ્થાન ઠીક લાગ્યું, કારણ આસપાસના વિસ્તારથી એ સ્થાન ઊંચું હતું. બેસવાની વ્યવસ્થા પણ થઈ ગઇ. સામે જ પૂર્વદિશામાં સૂર્ય ઉગી રહ્યો હતો. એનાં કોમળ કિરણો પૃથ્વીનાપટ પર વિસ્તરી રહ્યાં હતાં. અમે રૂમાલ પાથરી એ જગા ઉપર આંખો મીંચી બેસી ગયા. અરે ! આંખ મીંચતાંજ મન જાણે ખૂબ શાન્ત થઇ ગયું. ! ભગવાન સૂર્યદેવનો રથ ધીમે ધીમે ઉપર આવી રહ્યો હતો. અમે એમને મનોમન પ્રાર્થના કરી, સ્તુતિ કરી, પ્રણામ કર્યા પછી ધ્યાનમાં બેસી ગયા.

પવન થોડો જોરથી વાતો હતો એટલે માથા ઉપર એક કકડો બાંધી દીધો, ને પછી તો અમારો દિવસનો એ શ્રેષ્ઠ કલાક કયાં વીતી ગયો, કંઈ ખબરજ ન પડી.

વાતાવરણની શાંતિ એવી અદ્ભુત કે કોઇ પક્ષી બોલે તોયે જાણે શાંતિના સાગરમાં કાંકરો પડતાં કંપ સર્જાય તેમ વાતાવરણમાં ખલેલ અનુભવાય. રડ્યો ખડ્યો–વિજળીના થાંભલા ઉપર બેઠેલો કાગડો કદીક બોલતો, કે કંઇક ખાવાની શોધમાં પ્રભાતમાં નીકળી પડેલી પેલી ટીટોડીનો અવાજ સંભળાતો. બાકી કોઈ પક્ષીનો અવાજ સુદ્ધાં નહિ.

એરોડ્રોમનો ત્રણ–ચાર કિલોમીટરનો વિમાનોના રન વે પાસેનો એ નિર્જન અફાટ વિસ્તાર ખૂબ શાંત લાગે. સાથે સાથે વિશાળતાનું દર્શન પણ કરાવે. ચોકખી હવાના થરના થર–જોઈએ એટલી ફેફસામાં ભલે ભરો, કોઇ રોકટોક નહિ. મને થયું. અરે, આવી શાન્તિ શહેરની આટલી નજીકમાં અનુભવી શકાય છે. એનો શું અહીંના લોકોને ખ્યાલજ નહિ

હોય ! પરંતુ પછી વિચાર આવ્યો "બિચારા લોકો. પોતાની આજીવિકાની, સંસારની, કુટુમ્બની પળોજણોના પીંજરામાંથી બહાર નીકળી શકે તો અહીં આવેને ! વળી રાજકોટની પાણીની અકલ્પ્ય મુશ્કેલી ! ચોવીસ કલાકમાં માત્ર પંદર વીસ મિનિટજ આવે–એમાંજ નાહવા–ધોવાનું, ખાવા–પીવાનું, રાંધવાનું. ચોવીસ કલાક આખા પરિવારને એ સંગ્રહેલા પાણીથી ચલાવવાનું. ખૂટે તો ફાંફાં મારવાનાં–કોઇ ખેલદિલ માણસોની ડંકીમાં પાણી આવતું હોય તો થોડું લેવા દે. છતાં લાખો લોકો એમાં આનંદપૂર્વક જીવે. જાણે આ પાણીની મુશ્કેલી એમને કોઠે પડી ગઈ હોય એમ અમને લાગ્યું. છેલ્લા બે વરસથી આ પરિસ્થિતિ વચ્ચે લોકો જીવે છે, કેવું અદ્દભુત કહેવાય !

લોકજીવનમાં વરતાતી સત્ય, ચારિત્ર્ય, નીતિમત્તા, પરોપકારની વૃત્તિઓના દુષ્કાળને શું પાણીના દુષ્કાળ સાથે કોઇ ગૂઢ સંબંધ હશે ? ધરતીમાંથી અમી ખૂટી રહ્યાં હોય–એવું સત્યભીરૂ લોકોને આજે લાગી રહ્યું છે.

આવી પરિસ્થિતિમાં પ્રભુના સ્મરણમાં, પ્રાર્થના કે જપમાં, ધ્યાન કે યોગમાં, મનની આંતરિક શાન્તિની ખોજમાં માણસ કયાંથી પ્રવૃત્તિશીલ બને ? ભૌગોલિક પરિસ્થિતિની પ્રતિકૂળતા વચ્ચે પણ જેઓ પ્રભુના નામસ્મરણ, ધ્યાન–જપ કે પ્રાર્થનાનો આંતરિક આનંદ લૂંટી શકવા સમર્થ બને છે, તે ખરેજ ભાગ્યશાળી છે. પ્રભુની એમના ઉપર કૃપા છે. અમે એવી કૃપાનો અનુભવ કરી રહ્યા.

પછી અમો સવારે રોજ રોજ ત્યાં જવા લાગ્યા. જાણે સવાર થતાંજ અમારૂં મન એ શાંત સ્થાન પ્રત્યે આકર્ષિત થઇ રહેતું. થોડા સમય ફરતાં ફરતાં જપ કરીને અમે એ સ્થાન ઉપર બેસી જતા, ને પછી પ્રભુસ્મરણ, ને ધ્યાન



પ્રાર્થનામાં અમારૂં મન એવું ડૂબી જતું કે આસપાસનો ખ્યાલજ ન રહેતો. નીરવ શાંતિ સાગરમાં પ્રાતઃકાળમાં મનને સ્નાન કરાવવાની જે મઝા આવતી તેનો રસાસ્વાદ અમે આખો દિવસ માણી રહેતા.

પછી તો પાછલા દિવસોમાં અમારાં પત્ની પણ અમારી સાથે આવતાં ને એ એકાંત સ્થળની શાંતિનો આનંદ લૂંટતાં. આમ એ દસ દિવસોનું સ્મરણ મનમાં કાયમી રહી ગયું.

એ ધરતી ઉપર પગ માંડતાંજ અમારૂં મન સતર્ક બનતુ ને કહેવા લાગતું, "આ ધરતી ઉપર હજારો નહિ પણ લાખો લોકોનાં ચરણો ફરી વળ્યાં છે. પરંતુ પ્રભુના પુનિત નામ સ્મરણ સાથે પવિત્ર ચરણો તો કદીકજ આવ્યાં હશે. પ્રભુપ્રેમના ભાવે ભીંજાયેલ હ્રદયવાળા માનવે અહીં ભાગ્યેજ પગલાં પાડ્યાં હશે. આ વાતાવરણમાં જે શાંતિના ઢગ પડ્યા છે તેને ઓળખીને પામવા કોઇ આવતું નથી. એટલેજ રોજ જ્યારે એ ભૂમિ ઉપર પગલાં માંડતા ત્યારે અમારૂં હ્રદય ભાવથી ભીંજાઇ જતું. અમે મા ધરતીને, મંદ કે તીવ્ર ગતિથી વાતા માતરિશ્વનિ, અનંત આકાશને ને સૂર્યદેવને પ્રેમપૂર્વક પ્રણામ કરતા. ધરતીની રજને મસ્તકે અડાડતા, વંદન કરતા. પ્રભુનો અંતઃકરણપૂર્વક આભાર માનતા કારણ કે જે ભાવ અને દૃષ્ટિ બીજાઓ પાસે નથી, તે એણે અમને આપી છે. સાથે સાથે, એ અનુભવવાનું હ્રદય, એ–માટેનો સમય, નિરાંત બધુંજ તેણે આપ્યું છે. દિવસના એ શ્રેષ્ઠ કલાકો અમારી જેમ બીજાઓ પણ માણે તો કેવું ! પ્રભુ અને કુદરતના આ તત્ત્વોનો સંગ માણી, એમાંથી શક્તિ મેળવે તો કેવું મઝાનું ! જીવનનો જેટલો સમય ઈશ્વરના અનુસંધાનમાં ગયો, આત્માની ખોજમાં ગયો, કોઇને મદદ કરવામાં ગયો, એજ શ્રેષ્ઠ રહ્યો એમ સમજાય તો આનંદ આવે.

કેવળ તનની તંદુરસ્તી કામ નહિ આવે. શરીર સારૂં રાખવું જરૂરી છે, પરંતુ એટલુંજ જરૂરી છે મન સારૂં રાખવું. એકલા તનની તંદુરસ્તી માનવને ભૌતિક પ્રવૃત્તિ પરાયણ બનાવશે, મન પરનો સંયમ નહિ આપે. પણ તન અને મનની તંદુરસ્તીજ જીવનમાં સાચી શાંતિ લાવી શકશે. પ્રભુના સ્મરણમાંજ મનને શાંત ને તંદુરસ્ત રાખવાની અજબ શક્તિ છે, એ વાત માનવે કદી ન ભૂલવી જોઇએ. જેનો દિવસ સુધાર્યો તેનું જીવન સુધર્યુંજ સમજજો. ને દિવસ સુધારવા માટે પ્રભાતનો શ્રેષ્ઠ કલાક કાઢવો રહ્યો. એ જો બનશે, તો તમે જીવનમાં બીજું કંઇ નહિ તો માનસિક શાંતિ જરૂર અનુભવી શકશો. ખાત્રી રાખજો.

રાજકોટના અમારા દસ દિવસના રોકાણ દરમ્યાન જે બીજો અમૂલ્ય લાભ મળ્યો તે પ. પૂ. શ્રી રામકૃષ્ણ પરમહંસના તેમજ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના અનન્ય ભક્ત શ્રી શાન્તિભાઈ કનેરિયાના સાન્નિધ્યનો અને સત્સંગનો હતો. શ્રી શાન્તિભાઇ કહે છે. " મેં ગીતા, ઉપનિષદો, રામાયણ, મહાભારત કે ભાગવત્ કશું નથી વાંચ્યું. ફક્ત શ્રી રામકૃષ્ણદેવના જીવન અને ઉપદેશોનું વાંચન તેમજ પૂ. શ્રી યોગેશ્વરજીના સત્સંગનો લાભ લીધો છે. એમાંથી મને લાગ્યું છે કે જીવનમાં જે જાણવા જેવું અને જાણીને આચરવા જેવું છે, તે બધુંજ મળી ગયું છે. સંત પુરુષોની કૃપા કે પૂર્વજન્મના સંસ્કારોના પરિણામે મારું મન બધી ભૌતિક સંપત્તિ કે સંબંધો કશામાં આસકત નથી. વ્યહવાર બધોજ કરૂં છું, પરંતુ મને કશાનું વળગણ કે મમત્વ નથી. પ્રભુએ મન એવું ઉપરામિત કરી દીધું છે. "

વર્ષો નહિ પણ બલ્કે જન્મોની સાધનાના અંતે જે માનસિક અવસ્થા પ્રાપ્ત થાય, તે શ્રી શાન્તિભાઇને પ્રભુએ સહજ



રીતે આપી છે. કેવું અદ્‌ભુત ભાગ્ય !

આનું કારણ અમને એ લાગ્યું કે શ્રી શાન્તિભાઇ ખૂબ સરળ ને શ્રદ્ધાવાન પુરુષ છે. કદીય કોઈનો દોષ એમના મનમાં વસતો નથી. તદ્દન વિરોધી સ્વભાવવાળા માણસ સાથેય વ્યહવાર કરવામાં એમને કદી મુશ્કેલી પડતી નથી. તેમજ ગમે તેવી વિપરિત પરિસ્થિતિ સાથે તેઓ સહજ રીતે સમાધાન કરી લઈ શકે છે. એથી મનમાં કદી સંઘર્ષ અનુભવવો પડતો નથી. ઘણી બધી સાધનાના પરિણામે જે પ્રાપ્ત થાય, તે એમને આમ પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપાથી પ્રાપ્ત થયું છે.

પ્રભુએ એમના ઉપર બીજી કૃપા એ કરી છે કે પરિવારના બધાજ સભ્યો પ્રભુપ્રેમી, નિષ્ઠાવાન ને સદ્‌ચારિત્ર્યનાં છે. એમનાં વૃદ્ધ માતાજી અને સાસુજી પણ-પ. પૂ. શ્રી યોગેશ્વરજી પ્રત્યે અનન્ય શ્રદ્ધા ને ભકિતભાવ ધરાવે છે.

શ્રી શાન્તિભાઈ સાથે ચાર દિવસ સાંજે અમે સત્સંગ માણ્યો. શ્રી રામકૃષ્ણદેવની ઘણીબધી ઝીણી ઝીણી છતાં જીવન વ્યવહારમાં ઉપયોગી વાતો અમે સાંભળી અને પ. પૂ. મહાત્મા શ્રીયોગેશ્વરજીના વિદ્યાભ્યાસકાળનાં અને સાધનાના દિવસોનાં સંસ્મરણો અમે કહ્યાં. એ સાંભળવા ઘરના લગભગ બધાજ સભ્યો હાજર થઇ જતાં. ખૂબ આનંદ આવતો. સત્સંગની એ બેઠકોમાં સંસાર ભૂલાઈ જતો અને પ્રભુની કૃપાના પ્રસંગો સાંભળતાં હૃદય ભાવવિભોર બનતું.

પ્રભુનું કે સંતપુરુષનું સ્મરણ કે નામશ્રવણ જો તમારા હૃદયમાં ભાવ પેદા કરી શકે, કે આ ભાવને લીધે જો તમારી આંખ ભીંજાય તો માનજો કે પ્રભુની તમારા ઉપર ઘણી કૃપા છે. શ્રી રામકૃષ્ણદેવ કહેતા કે માણસો સાંસારિક સંબંધીઓના વિયોગે ઢગલાબંધ આંસુ સારે છે, પરંતુ પ્રભુ પ્રેમથી

પ્રેરાઈ કે એના વિરહથી વ્યાકુળ થઇને એક આંસુય નથી પાડી શકતા, પછી પ્રભુ એમને શી રીતે મળે ?"

રાજકોટ શહેરથી દસ-બાર કિલોમીટર દૂર ઈશ્વરિયા ગામ છે. તેના મહાદેવનું સ્થળ એકાંતમાં થોડી ઉંચાઇ પર છે. શ્રી શાંતિભાઇએ અમને એ પવિત્રસ્થળનું તેમજ એની આસપાસની વેરાન છતાં ખૂબ શાંત ટેકરીઓનું દર્શન કરાવ્યું. ભાવનગરથી નીકળ્યા ત્યારે જેનું નામ સુદ્ધાં સાંભળેલું નહિ, એવા મહાદેવના મંદિરનું દર્શન કરતાં અમને પ્રભુની અદ્દભુત લીલાનો વિચાર આવ્યો. પ્રભુ કેવું નિમિત્ત ઊભુ કરીને, માણસને કયાંથી કયાં અન્નજળ પ્રમાણે લઈ જાય છે. ખરેજ, એની લીલા સમજાય તેવી નથી.

રાજકોટના રોકાણ દરમ્યાન પૂ.માનો સંદેશો આવ્યો કે "અમદાવાદ આવો. ટ્રસ્ટની જરૂરી મીટીંગ છે."

એટલે તા. ૧૩/૪ના રોજ હું ને મારાં પત્ની અમદાવાદ ગયાં પૂ.માનું દર્શન અને મિલન હંમેશાં, આનંદપ્રેરક ને મંગલજ હોય. પૂ.માના સાન્નિધ્યમાં પ્રભુનીજ વાતો ને સત્સંગ હોય. પૂ.મા તિરૂપતિ, પશુપતિનાથ, જગન્નાથ પુરી, દક્ષિણેશ્વર અને રામકૃષ્ણદેવ તથા શારદામાનાં જન્મસ્થાનોની અદ્દભુત યાત્રા કરીને આવેલાં. એક બાજુ એમનું તપ-ઉપવાસોના ૧૧૦૦ કરતાં પણ વધુ દિવસો અને બીજી બાજુ તીર્થાટન. પવિત્ર તીર્થોનાં પરમાણુઓનો સહવાસ ને તન, મન અને અંતરની ઉપવાસો દ્વારા શુદ્ધિ. લાગે કે આ બધી પ્રક્રિયા દ્વારા પૂ.મા સ્વયં એક જંગમ તીર્થજ બની ગયાં છે. એઓ જ્યાં હોય ત્યાં પ્રભુનું સંકીર્તન, સ્મરણ, ધ્યાન ને જપજ હોય. એમના પવિત્ર સ્પર્શથી ધરતી પવિત્ર ને ધન્ય બની જાય, એમના શ્વાસ-પ્રશ્વાસે વાતાવરણ. આવાં પૂ.માનું સાન્નિધ્ય એટલે અખંડ આનંદના સાગરમાં અવગાહન.



બોલો, પછી કોઇ લૌકિક સ્મરણ થાય ખરૂં !

આમ તા. ૧૩ એપ્રિલનો આંખો દિવસ પૂ.મા પાસે સરસ રીતે વીત્યો. બીજા દિવસે પાછાં રાજકોટ આવી ગયાં.

રાજકોટના રોકાણ દરમ્યાન અમને ગોંડલનું સ્વામિનારાયણનું મંદિર અને મા ભુવનેશ્વરી પીઠનું દર્શન કરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું. ભારતના લોકોમાં દુનિયાની કોઇપણ પ્રજા કરતાં કંઇક વિશેષ હોય તો તે પ્રભુ પ્રત્યેની આસ્થાના સંસ્કારો છે. દેશ, કાળ કે ભાષાની ભિન્નતાઓની વચ્ચે પણ આ શ્રદ્ધાનું સંસ્કારઝરણું વહેતું જોઇને આપણને અદ્દભુત આનંદ અને આશ્ચર્ય થાય છે. આ ભૂમિનુંજ એ પ્રદાન છે એ માન્યા સિવાય ચાલે નહિ. અન્નદાનનો મહિમા ગાનાર શ્રી જલારામબાપાના વીરપુરનાં દર્શન પણ અમે પામ્યા. એથી અમને ખૂબ આનંદ થયો.

વર્ષો પહેલાં અમે એક ડચ-પરદેશીને આ પવિત્ર સ્થળની મુલાકાતે લઇ ગયેલા. એણે અમને પૂછેલું, " આ બધા લોકોને શા માટે અહીં જમાડે છે ? કોઇ ઉત્સવ છે કે પછી કોઇ સમારંભ ? અમે કહ્યું, " આ એક સંતની જગા છે, જ્યાં ભોજન સમયે આવનાર કોઈપણ માણસને મફત ભોજન બે ટાઈમ આપવામાં આવે છે. તેમાં કોઈ જ્ઞાતિ કે જાતિના ભેદભાવ રાખવામાં આવતા નથી. સવારે ને બપોરે ચા-કોફી પણ મફતજ આપવામાં આવે છે."

આ વાત એને ખૂબ આશ્ચર્યજનક લાગી. એણે સામો પ્રશ્ન કર્યો. " પણ એમ કરવાનું કારણ શું ? " એ સંત કહેતાઃ દરેક માણસમાં પ્રભુ રહેલો છે. એને ભોજનવડે તૃપ્ત કરો એ પ્રભુને તૃપ્ત કર્યા બરાબર છે. આ પરંપરા આજે એકાદ સૈકાથી ચાલે છે. રોજ બે-ચાર હજાર માણસો-યાત્રાળુઓ ને સાધુઓ અહીં જમે છે. કદી અનાજની

મુશ્કેલી-રેશનીંગના સમયમાં પણ અહીં પડી નથી."

તે પરદેશીએ કહ્યું, "આ તો અવનવું. હું તો લગભગ દુનિયાના ઘણા દેશોમાં ફર્યો છું, પણ આવું મેં પહેલીવાર જ જોયું. પશ્ચિમની દુનિયામાં આવું તમને કદી કયાંય જોવા નહિ મળે."

કોઇનાય જીવનમાં જલારામબાપાની યાત્રા ત્યારે ફળેલી કહેવાય કે ભલે આપણે અન્નક્ષેત્ર ન ચલાવી શકીએ, પરંતુ આંગણે આવેલા અતિથિનું સ્વાગત કરી, આપણી શક્તિ-પ્રમાણે ભોજન આપી શકીએ-ભાવથી આપી શકીએ તોય ઘણું છે. મનુષ્ય માત્રમાં જ નહિ, પરંતુ જીવમાત્રમાં પ્રભુનો જ વાસ છે, એ સત્યનું દર્શન અને આચરણ હિંદુસંસ્કૃતિ-ની ખરેખર અણમોલ દેન છે.

આમ રાજકોટ નિવાસના અમારા દસ દિવસો ખરેખર ચિરસ્મરણીય બની ગયા.

પ્રત્યેક પ્રસંગમાં સ્થૂલ શરીરની સૂચના પ્રમાણે વા લૌકિક જનોના વિચાર પ્રમાણે નહિ ચાલતાં, શાસ્ત્ર ને અંતર્યામીની આજ્ઞા પ્રમાણે ચાલવાનો સ્વભાવ પાડશો.

જન્મજન્માંતરથી પરિચ્છિન્ન વિષયોમાં ને તેના ઉપકરણોમાં આરૂઢ થઇ રહેલી તૃષ્ણાનો ઉત્તરોત્તર વિશેષનાશ કરવા પ્રયત્નશીલ રહેશો, અને પ્રત્યેક પ્રાપ્ત કર્તવ્યના પરિપાલનમાં ક્રમપૂર્વક વિશેષ દક્ષતા રાખતાં શીખશો.



# વ્રતોત્સવ (૨)

—કલ્યાણ

સ્થળ-આર્યનિવાસ, હરિદ્વાર. તા. ૨૫-૧૨-૮૬
સમય-સવારના ૯-૩૦

પૂ. માની જીવનદૃષ્ટિ આધ્યાત્મિક ઇતિહાસમાં જાણે એક અવનવી વિશિષ્ઠ છાપ ઉપસાવી રહી છે. જીવન જ એક મહાવ્રત બની ગયું છે. તપને જીવનમાં એટલી બધી સહજ-તાથી પૂ. માએ વણી લીધું છે કે તેની ઉગ્રતાનો અણસાર પામી શકવો મુશ્કેલ છે. વહેતા સમાજજીવન વચ્ચે સામાન્ય દેખાતાં પૂ. માનાં ખુલ્લી કિતાબ જેવા જીવનને ઊંડા ધ્યાન-પૂર્વક નિહાળીએ ત્યારે જ આપણે આભા બની જઈએ છીએ. એ જીવનપૃષ્ઠોને પૂ. માએ પ્રેમભક્તિના અવનવા રંગોથી સજાવ્યાં છે. તપ કોઇ પીડાકારી પ્રવૃત્તિ નહીં, ઉત્સવ બની ગયું છે. એ મહાતપનો વ્રતોત્સવ પૂ. મા ક્ષણે ક્ષણે ઉજવી રહ્યાં છે. તપને મધુમય બનાવવું કેટલું વિકટ છે! પૂ. માના સાન્નિધ્યમાં મધુરતા અને પ્રસન્નતાનો ઉત્સવ આજે સૌ કોઇ માણી રહ્યા છે. મા ગંગાના પાવન સાન્નિધ્યે ઉજ-વાતા એ વ્રતોત્સવમાં આપણે પણ સામેલ થઇએ.

હરિદ્વારમાં ગંગાકિનારે જ આર્યનિવાસ આવેલું છે. પૂ. માનો ઓરડો તદ્દન ગંગા કિનારે જ છે. ઓરડામાંથી ગંગામૈયાનું પાવન દર્શન થાય છે. અત્યારે સવારના ૯-૩૦ વાગ્યા છે. ચારે તરફ ઠંડીનું સામ્રાજ્ય છવાયેલું છે. સમય થતાં સૌ ઓરડામાં પ્રવેશે છે. વંદન કરી સૌ ગોઠવાય છે, આ વ્રતોત્સવમાં 'અધ્યાત્મ'ના તંત્રી શ્રી નારાયણભાઈ પણ સામેલ છે. પૂ. મા સામે પલંગપર બિરાજ્યાં છે. પૂ. માએ સફેદ ગરમ શાલ ઓઢી છે, મસ્તકપર મફલર વિંટ્યું છે.

પૂ. મા સ્વસ્થ અને પ્રસન્ન દેખાય છે. વડોદરાથી હરિદ્વાર સુધીની લાંબી યાત્રાના થાકનાં કોઈ ચિહ્નો નથી. એક મધુમય દૃષ્ટિનો મૃદુસ્પર્શ સૌ અનુભવી રહ્યા. આજે વ્રતોત્સવનો પ્રથમ દિવસ છે. નાનામોટા સૌ લાંબી યાત્રાનો પરિશ્રમ વેઠીને આવ્યા છે. તેથી પૂ. મા સૌના ખબર અંતર પૂછે છે. દરેકની તબિયતના સમાચાર વિગતવાર જાણે છે.

પૂ.માના પ્રેમ અને કરુણાનો શીળો સ્પર્શ નાના મોટા સૌને જીવનજાગૃતિનો પદાર્થપાઠ ભણાવે છે. સામેજ અમદાવાદના જયાબેન બેઠાં છે. આટલી ઠંડીમાં પણ તેમણે મસ્તક પર મફલર વીંટયું નથી. પૂ.મા કહે "તમે ઉભાં થઈ મફલર લઈ આવો અને વીંટીને બેસો" જયાબેને તરતજ તેમ કર્યું. પૂ. મા ઇંગ્લાંડ અને અમેરિકાની યાત્રાનો પ્રસંગ યાદ કરતાં કહે "ઇંગ્લાંડના વાતાવરણનો ખ્યાલ ન હોવાથી લેસ્ટરમાં અમે તડકામાં ફર્યાં તેથી માંદા પડ્યાં અને અમેરિકામાં ગાંધીસ્મૃતિનાં દર્શન ખુલ્લા પગે કરવા જતાં શરદીની અસર થઈ ગઈ" પૂ.મા કહે "નાની એવી ભૂલ અને બેદરકારી આફતરૂપ બની જાય છે." પૂ.મા પૂ.શ્રીને યાદ કરતાં કહે કે તેઓ ઠંડીમાં આ સોનેરી સુત્ર વારંવાર કહેતા "બફા સો નફા" ક્ષણેક્ષણની જાગૃતિનો પદાર્થપાઠ આજના પુનિત પ્રભાતે સૌને પ્રેરણા આપી રહ્યો.

આજથી પૂ.મા રામાયણનું પારાયણ શરૂ કરે છે. રામાયણનો આદર કરતાં પૂ.મા કહે "રામાયણ એ પ્રભુનો અક્ષરદેહ છે, તેને નીચે ન મૂકશો." પારાયણ શરૂ થતાં પહેલાં સમૂહમાં યોગેશ્વર બાવનીનો પાઠ થાય છે. બાવની પુરી થતાં ગુરુદેવ પ્રભુના પુનિત સ્મરણથી પૂ.મા ધ્યાનસ્થ બન્યાં છે. ભગવાન રામની પાવન સ્તુતિના ગુંજારવ સાથે પૂ.મા અંતરનો ભાવ વહેતો કરે છેઃ–



વંદન રઘુવર દશરથ નંદન
શોભાસાગર રઘુકુલ ચંદન
ઋષિમુનિ શંકર સુરનર વંદન–વંદન.

આજે ગુરુવાર છે. દર ગુરુવારે પૂ. મા સાઇબાબાની સ્તુતિ ને આરતી ઊંડા આદર અને પ્રેમપૂર્વક કરે છે.

બાંધ્યો શિરે સરસ શ્વેત રૂમાલ જેણે,
પ્હેરી પવિત્ર કફની કટિવસ્ત્ર તેણે.
બેઠા શિલાપર સજી સુખ જે પ્રશાંત,
સાઈ કરો હૃદયને મુજ છેક શાંત.
સાઇનાથ પ્રભુ, જય સાઈનાથ પ્રભુ,
ચરાચર મહીં વ્યાપક, દેવ સમર્થ વિભુ. હે સાઇનાથ પ્રભુ.

ઓરડામાં દિવ્યતાની ઝલક વ્યાપી ગઇ છે. પૂ. માના કંઠમાંથી પ્રેમભક્તિના સુરીલા સુરો વહી રહ્યા છે. રામાયણના ગાન વખતે શ્રી હનુમાનજી પ્રત્યે પ્રેમાદર અંતરમાંથી પ્રગટી રહ્યો છે.

જે ભક્ત રક્ષક કાજ જગમાં પ્રેમથી જાગ્રત રહે,
જે જ્ઞાનભક્તિયોગ બક્ષે તેમ ધર્મકથા કહે,
જે રિદ્ધિ-સિદ્ધિ અર્પનારા સર્વ સંકટને હરે,
ભકતો તણા શિરમુકુટ તે હનુમાનજી મંગળ કરે.....

ગુરુદેવ પ્રભુનું મંગળ સ્મરણ સહજ પણે સરી રહ્યું છે.

પ્રેમ પોકારો સુણી અમારા, કૃપા કરી દો ભારી,
દૈવી દર્શન અર્પો અમને કરો જીંદગી ન્યારી. ગુરુદેવ હે યોગેશ્વર.

પૂ. જ્યોતિર્મયી માને પણ સ્મરણાંજલિ અર્પી રહ્યાં.

"જય જય જય જ્યોતિર્મયી માતા, વંદુમાત ભવાની."

ભાગીરથી તટે ભાગીરથીનું સ્મરણ નિત્યક્રમબની ગયો છે.

જય જય જય શ્રી ગંગામૈયા, ભાગીરથી વંદુ તને.

જીવનનો બધોજ કાર્યભાર પૂ.માએ ગુરુદેવ પ્રભુને સોંપી

દીધો છે. ગંગાતટે ૧૦૮ દિવસના પાણી ઉપરના વ્રતના સમાપન સમયે રામાયણ પારાયણના રસગાન અને શ્રી યોગેશ્વર લીલામૃતના સુધાપાનનો ઉત્સવ નિર્વિઘ્ને ઉજવાય તે માટે આર્દ્ર સ્વરે પ્રભુને પ્રાર્થી રહ્યાં.

"અમારા બધાં કાર્યોમાં તમારી મદદ માગુ છું,
તમારો આઠે પ્હોર દિવ્ય આશીર્વાદ માગુ છું,"
"વંદન કરીએ યોગેશ્વર ભગવંતને,
દર્શન દેજો આવ્યા છે શરણે અમે."

સર્વ દેવદેવીઓને વંદના કરી પૂ.મા રામાયણના ગાનનો પ્રારંભ કરે છે. પ્રેમભક્તિનાં પુષ્પોના પરાગથી ઓરડો મઘમઘી ઉઠ્યો છે. ભક્ત મંડળી ભક્તિના રંગે રંગાઇ ગઈ છે. પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં એક અપૂર્વ ભક્તિપર્વ માણવા સૌ મ્હોરી ઉઠ્યાં છે. હરિદ્વારના ગંગાઘાટનું મનોહર દિવ્ય વાતાવરણ અને પૂ. માનું વાત્સલ્ય નીતરતું અનુપમ સાન્નિધ્ય પામવું તે પરમાત્માની કૃપા વિના શક્ય નથી બનતું.

સંત શિરોમણિ તુલસીદાસજીની રસમય રચની રામચરિતમાનસનો પદ્યાનુવાદ ગુરુદેવ પ્રભુએ કર્યો છે તેનું રસપાન પૂ. મા હવે કરાવી રહ્યાં છે.

"ગુરુચરણની કોમળ સુંદર રજ દેવી અંજન જેવી
દૃષ્ટિદોષ બધા હરનારી લોચન ને અમૃત એવી,"
"વિવેકરૂપી મુજ નેત્રોને એનાથી કરતાં નિર્મળ
કરું મુક્ત કરનારા સુંદર રામચરિત્રતણું વર્ણન."

સુંદર વિવિધ છંદ અને ચોપાઇઓથી મંડિત રામચિરત માનસને પૂ.માના ભાવવાહી મધુરકંઠે સાંભળવું એ ઉત્તમ લ્હાવો છે. વચ્ચે વચ્ચે પૂ.મા પ્રસંગ વિશેષનો મહિમા સમજાવતા જાય છે. નામજપનો મહિમા ગાતા પૂ.મા કહે છે કે ઊંડાભાવપૂર્વક નામજપ કરવો. તેમ ન થાય તો પણ



નામજપ તો ચાલુજ રાખવો, છેવટે મશીનની જેમ પણ નામ લેવાથી કલ્યાણ જ થાય. વિવિધ વાજિંત્રોના તાલથી સંગીતમય વાતાવરણ સર્જાયું છે, તાલ સાથે લયબદ્ધતા માણતું ભક્તવૃંદ ડોલી રહ્યું છે.

પૂ.માશ્રી પરિશ્રમ થઇ શકે તેવી શારીરિક ક્ષમતા નથી. શરીરમાત્ર અસ્થિપિંજર બની ગયું છે. સારીરીતે બેસી શકાય તેવી સ્થિતિપણ નથી. પાણી ઉપરના સુદીર્ઘ સમયના ઉપવાસોને લીધે શરીરપણ કૃશતાની પરિસીમા ઉલંઘી ગયુ છે. કોઈ અલૌકિક ઘૃતના સિંચનથી જાણે દેહ દીપક પ્રજ્વલી રહ્યો હોય તેમ લાગે છે. આવી નાજુક કઠિન તપની વેળાએ કોઈ યોગી ગિરિવરની એકાંત ગુફામાં શાંતિપૂર્વક તપની આરાધના કરતો હોય ત્યારે પૂ. મા ઋષિવર દધીચિની જેમ અસ્થિપિંજર વડે તપની અલૌકિક તાંડવલીલા કરી રહ્યાં છે. પૂ. માના શ્રીવિગ્રહની લીલાને બુદ્ધિવડે સમજી શકાય તેમ નથી. તે સમજવા શ્રદ્ધા ને ભાવ જોઇએ.

રામાયણનું મધુર ગાન પૂ. માના મધુર કંઠે વહી રહ્યું છે. ભક્તવૃંદ અનેરા ઉત્સાહ વચ્ચે મગ્ન બની ગયું છે. આવા ભક્તિમય વાતાવરણ વચ્ચે ૧૧ વાગ્યે દેહરાદુનથી લલિતાપ્રસાદજી પધાર્યા છે. પૂ. મા તેમને વચ્ચે વચ્ચે હિન્દીમાં અનુવાદ કરી સમજાવતાં જાય છે. કોઈ પૂર્વના બળે ગુરુદેવપ્રભુ અને પૂ. મામાં શ્રી લલિતાપ્રસાદજી અનન્ય શ્રદ્ધાભક્તિ ધરાવે છે.

રામાયણ પારાયણની બીજી બેઠક બપોરના ૩–૩૦ વાગ્યે શરૂ થાય છે. અહીં આખો દિવસ પુષ્કળ ઠંડી રહે છે. પૂ. મા પલંગપર બિરાજ્યાં છે. ઠંડીને લીધે માથે પાઘડીની જેમ સફેદ સાડી વીંટી છે. સામે જ સળગતી સગડી પડી છે. તેમાંથી ધુમાડાઓ નીકળી રહ્યા છે. કોઈ ઋષિવર આશ્રમમાં

શિષ્યો સાથે જાણે જ્ઞાનવાર્તા કરી રહ્યા હોય તેવું દૃશ્ય સહજ ખડું થઇ ગયું છે. ક્યારેક પ્રસંગને અનુરૂપ પૂ. મા સરસ રમૂજ કરી લેતાં હોય છે. પૂ. મા કહે, “ દેખો ધુનીવાલે મહાત્મા આયે હૈ. ” હળવી હાસ્યની લેરખી ઓરડામાં ફરી વળી.

બપોરની બેઠકમાં શ્રી લલિતાપ્રસાદજી પધાર્યા છે. તેમણે ભાવપૂર્વક સામગ્રીરૂપે મધનો શીશો પૂ. માને અર્પણ કર્યો. પૂ. મા કહે “ મધ તો સંપૂર્ણ ખોરાક છે, મારાથી તે લઇ શકાય નહિ, તમે જ પ્રસાદીરૂપે રાખો. ” આટલી પ્રાસંગિક વાત પછી રામાયણનું મધુર ગાન શરૂ થાય છે.

પૂ. માને આજે નબળાઇ જણાય છે. શ્રી નારાયણભાઈએ વિનંતી કરી કે મા, તમે આરામ કરો અમે પારાયણ કરીએ. પૂ. માએ થોડી વિનંતી સ્વીકારી. પૂ. મા હવે ઓશીકાને અઢેલીને બેઠાં છે. શરીર થોડું લાંબુ કર્યું છે. તેમ છતાં પારાયણનું ગાન તો ચાલું જ છે. અત્યારે પૂ. માના તપની પરાકાષ્ટા ચાલી રહી છે. શરીરની સ્થિતિ અત્યારે ખૂબ જ નાજુક છે. આરામની જરૂર છે. કટોકટીની પળે પૂ. માએ હંમેશા શરીરભાવ પર વિજય પ્રાપ્ત કર્યો છે. અત્યારે શરીરની અસહ્ય તકલીફો વચ્ચે પણ વદનપર દિવ્ય આનંદભાવ વિલસી રહ્યો છે. કપરું તપ કે શારીરિક કષ્ટની તીવ્રતા પણ પૂ. માની સહજતા, સરળતા, પ્રસન્નતા અને શ્રદ્ધાભક્તિને સહેજ પણ ઝાંખા પાડી શકતાં નથી. શરીરભાવપર દિવ્યભાવનો કેવો વિજય !

રામાયણના ગાનમાં અત્યારે શ્રીરામ વિશ્વામિત્ર સાથે જનકપુરીમાં પધાર્યા છે. બાગમાં ફરવા જતા શ્રીરામનું દર્શન કરતા સીતામાતા શ્રીરામ પ્રતિ અજ્ઞાત આકર્ષણ અનુભવી

( અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર )



# એક સાધકના યોગાનુભવોમાંથી

શ્રી પુષ્કર ચંદરવાકર

( ડો. જે. પી. અમીન વિદ્વાન અધ્યાપક પૂર્વની સંસ્કૃતિના અભ્યાસીજ્ઞાતા, લોકસેવી કાયદા નિષ્ણાત, અર્થશાસ્ત્રી, સમાજ શાસ્ત્રી, વેદાંતી સાધક તેમજ જ્ઞાનં જ્ઞાનવતામહમ્ જેવા જ્ઞાનવાન ચિંતક છે. તેઓએ જીવનની પૂર્વ સંધ્યામાં આગે ધપવાની ધૂનમાં થોકબંધ ઉપાધિઓ પ્રાપ્ત કરી છે. ભારતીય સંસ્કૃતિના વિષય સાથે એમ. એ. થયા. શૈવ સંપ્રદાય ઉપર ધીંગું અને અભ્યાસ યુક્ત સંશોધન કરી મહાન નિબંધ લખી પી. એચ. ડી. થયા. એલએલ. બી. ની ડીગ્રી મેળવી કાયદા નિષ્ણાત થયા. ઇ. સ. ૧૯૬૫માં અમેરિકામાં એક આંટો મારી આવ્યા. અર્થશાસ્ત્ર અને સમાજ શાસ્ત્ર સાથે પુનઃ એમ. એ. ની ઉપાધિ લીધી. સ્વરાજ્યની સંસ્થાશી અમદાવાદની મહાનગરપાલીકામાં સેવા આપતા આપતા તેઓ ઉત્તમ કોટીના તંત્રવાહક થયા. એલ. એસ. જી. ડીની ઉપાધિ મેળવી. તેમની કારકીર્દી શ્રમ શીલ યુવાનોને પ્રેરણા આપે તેવી છે.

પ્રાથમિક શાળામાં અમદાવાદની મહાનગરપાલિકામાં ને હાલમાં ખંભાતની શ્રી રજની પારેખ આર્ટ્સ કોલેજમાં સ્થાપેલ શિલ્પ સ્થાપત્યના સંગ્રાહલયના સંરક્ષક તરીકે ને તેજ સંસ્થાના અધ્યાપક તરીકે સેવા ઈ. સ. ૧૯૬૦થી આપી રહ્યા છે. વચ્ચે થોડા વર્ષો સુધી તે જ કોલેજના આચાર્ય પદે પણ તેઓ હતાં.

એક પ્રશ્નના ઉત્તરમાં તેઓ લખી જણાવે છે કે ‘પહેલા જ્ઞાનના વિચારો આવતા પણ અધ્યાત્મજ્ઞાનની ખબર ન હતી. એટલે ભૌતિક વિદ્યાભ્યાસ અને જે તે સંજોગોમાં

જરૂરી ડીગ્રીઓ તરફ મન વળેલું. મનને કાંઈ મેળવવું હતું એટલે જે તે સંજોગોમાં કોઈ વ્યક્તિ દ્વારા કાંઈ સૂચન થાય તો એને અનુરૂપ વિદ્યાભ્યાસ અને ડીગ્રી મેળવવા મન તલસતું રહેતું. આ દ્વારા આગળ આવી શકાય એવું એને લાગેલું. પણ અધ્યાત્મ જગતમાં આની કાંઈજ કિંમત નથી એવું તો પાછળથી લાંબા સમયે ખ્યાલમાં આવ્યું. જગત વિષે જેટલું બહું જાણો તે તમામ બુદ્ધિજન્ય માહીતી છે. અને એનો કોઈ અર્થ નથી, પણ આત્મા વિશે કિંચિત પણ જાણ્યું તે સાચું જ્ઞાન છે, એવું ભાન પાછળથી થયું. ઈ. સ. ૧૯૬૪થી ડો. અમીન શિશુવયના મૂરઝાયેલ ધાર્મિક સંસ્કારોને પુનઃ પ્રજ્જવલિત કરી મંત્રોપાસના, યોગ, સાધના અને જ્ઞાનના માર્ગે વિહરી રહ્યા છે. પૂજ્ય રાજચંદ્રની જેમ નીજ ધંધામાં અધ્યાપન સંશોધનમાં રત હોવા છતા તેઓ યોગ મોક્ષ માર્ગ ઉપર અવિરતપણે આરાધના કરે જ છે. જેના અનુભવો પ્રશ્નોના ઉત્તર રૂપે મળ્યા છે તે અત્રે છે...)

ડો. અમીન લખી જણાવે છે કે પૂ. બાપજી (બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય સંન્યાસી સ્વામી શ્રીસ્વરુપાશ્રમજી) સાથેના મારા પ્રથમ સમાગમ પહેલાની મારી પૂર્વ ભૂમિકા આપવી જરૂરી છે. મને માતૃપક્ષે આધ્યાત્મિક સંસ્કારો વારસામાં મળેલા. (મારા માતાના મામા સાકરચંદભા ગામઠી સંત અને જ્ઞાની હતા અને તેમણે વસાવેલા પુસ્તકો પંચીકરણ આત્મપુરાણ વગેરે સહજ રીતે વાંચેલા.) એટલે આધ્યાત્મિક ઝંખના નાનપણમાં જાગેલી અને કુદરતી રીતે નાનપણમાંજ ધોરણ ચોથામાં ભણતો હતો ત્યારે ગામના (ગામ સંડેર તા. પાટણ ઉત્તર ગુજરાત) ગ્રંથાલયમાંથી 'રામકૃષ્ણ પરમહંસ કથામૃત' વાંચેલું અને એનાથી બહુ પ્રભાવિત થયેલો અને ત્યારબાદ જીજ્ઞાસા વધતાં 'સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય'



દ્વારા પ્રકાશિત ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકો, રામદાસનું 'ઈશ્વરની શોધમાં' 'ઈશ્વરના સાન્નિધ્યમાં' વગેરે પુસ્તકો વાંચેલાં. પરંતુ આર્થિક ઝંઝાવાતોના કારણે તથા પારિવારિક મુશ્કેલીઓને કારણે નાનપણમાં નોકરી સ્વીકારી. સાથોસાથ વિદ્યાભ્યાસ કરવાની ફરજ પડવાથી તથા વિદ્યાર્થી વિષયક, સામાજીક અને ટ્રેડ યુનિયનની પ્રવૃત્તિઓ તરફ મન ઘસડાઇ જવાથી લાંબા સમય સુધી આધ્યાત્મિક જીજ્ઞાસા સુષુપ્ત અને અતૃપ્ત રહી, જે સન. ૧૯૬૦ માં ખંભાતમાં પ્રાધ્યાપક બનતાની સાથે જાગ્રત થઈ. શૈવધર્મ અંગેનો પી. એચ. ડી.-નો વિષય પસંદ કરવાથી વૈદિક વાંગમય, શૈવધર્મ, શાક્તધર્મ, તાંત્રમાર્ગ, વગેરેનો સૂક્ષ્મ અભ્યાસ થયો.

આ કાળમાં દુર્લભ એવા સાચા બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય સંન્યાસી સ્વામી શ્રી સ્વરુપાશ્રમજી જેમણે પાછલી અવસ્થામાં માત્ર એક જ સ્થળે વસવાટ કરી નિતાંત ૫૦ વર્ષ સુધી વેદાંત પ્રક્રિયા પ્રમાણે મનન ને નિદિધ્યાસનમાં ગાળ્યા હતાં એમના સમાગમમાં આવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું અને એમની પાસેથી પંચીકરણ, પંચદશી, વિચારસાગર, તત્ત્વાનુસંધાન, આત્મપુરાણ, વૃત્તિ પ્રભાકર જેવા વેદાંતના ગ્રંથોનો ઊંડો અભ્યાસ અને પરિશીલન કરવાની તક મળી–એમાં 'શૈવધર્મ' અંગેનો વિષય પી. એચ ડી. માટે પસંદ થવાથી શૈવધર્મ, શાક્તધર્મ, તાંત્રમાર્ગ–તાંત્રિઝમ, વેદો, ઉપનિષદો, પુરાણો વગેરેના અનુવાદિત અને સંદર્ભ ગ્રંથોનો ઊંડો અભ્યાસ થયો અને બે-ત્રણ વર્ષસુધી એના પરિશીલન અને લેખનમાં મન એવું તો ઓતપ્રોત થયું કે દેહ, દેશ અને કાળ ભૂલાઇ ગયા અને પી. એચ. ડી. નો મહાનિબંધ પૂરો થતાની સાથે જ કુદરતી રીતે મારે ઈ. સ. ૧૯૬૪ માં મોટેરાવાળા સ્વામી 'શ્રીસદાશિવ' મહારાજના સમાગમમાં

આવવાનું થયું. એમણે મને 'હંસ સોહમ્' મંત્ર, ગાયત્રી મંત્ર, મહા ગાયત્રીમંત્ર, શ્રી વિદ્યામંત્ર, પ્રણવમંત્ર, વિગેરેની ક્રમશઃ દીક્ષા આપી. કર્માશયાર્થે નાના હવિયજ્ઞ વગેરેમાં વિધિસરની આહૂતિ વગેરે ક્રિયાઓ કરાવી. પરિણામે પ્રાણોત્થાન અને કુંડલિની જાગૃતિના ચિહ્નો શરૂ થયાં...!

ડો. પ્રો. અમીન ત્યારબાદ જીજ્ઞાસુ બની ગુરુ શોધમાં ને જ્ઞાન ગોતમાં જગ વિખ્યાત શ્રી પોંડીચેરી આશ્રમ તરફ ઇ. સ. ૧૯૬૫ માં દોડ્યા, તે પહેલાં તેઓ યોગનું થોડું અનુભવ ભાથુ શ્રી સદાશિવ આશ્રમમાંથી લઇને ગયા હતાં. તે વિશે તેઓ લખે છે કે 'હુ' તો દર્શન કરવા ગયેલો પણ દીવાળીની છુટ્ટીઓમાં ત્યાંજ રહી ગયો. એમણે અંતરના પ્રેમથી મંત્ર દીક્ષા આપી; જે મંત્રો હું ત્યાં આશ્રમમાં જાગૃત અવસ્થામાં જ અખંડ પણે કરવા લાગ્યો. શરીરની અંદરના વિવિધ સ્થાનોમાં મંત્રોને ફેરવવાનો અને જ્ઞાતા દૃષ્ટા ભાવે એના સ્પંદનો અનુભવવામાં સાધારણ પ્રકાશની અનુભૂતિ થવા લાગી. તેઓશ્રીના માર્ગદર્શન પ્રમાણે ગાયત્રીના અનુષ્ઠાન પણ કર્યા. હૃદયચક્રમાં સતત ગાયત્રી કર્યા કરી, વિનિયોગ સાથે લોમ વિલોમ, અજંત હલંત વિલોમ સાથે પ્રણવ સંપુટ કરી, બ્રહ્મ સંપુટ અને રુદ્ર સંપુટ સાથે પુષ્કળ પ્રમાણમાં ગાયત્રી કરી. જાગૃત અવસ્થામાં ગાયત્રી ચાલુજ રાખી. બધીજ રજાઓમાં પૂ. સ્વામીજીના સાંન્નિધ્યમાં રહેવા લાગ્યો અને પછી હૃદયમાં જમણી બાજુએ નાડીના ધબકારા સાથે અખંડપણે ગાયત્રીનો અજપાજપ ચાલુ થયો. અખંડ જપ ચાલ્યા જ કર્યો. સમગ્ર સુરતા ત્યાં કેન્દ્રિત થઈ ગઈ. નિરવ શાંતિ અનુભવવા લાગી. નિર્વિચાર સ્થિતિ આવી. માત્ર અજપા જપ ચાલ્યા કરે અને અંદરથી કોઈ જ્ઞાતા દૃષ્ટા ભાવે તેને જોયા કરે. એકદમ નિરવ શાંતિ વર્તાવવા



લાગી. નિર્વિચાર સ્થિતિ રહેવા લાગી. એમાંથી નિતાન્ત ધ્યાનની સ્થિતિ થવા લાગી. મારે ધ્યાન ધરવું નહતું પડતું પણ ધ્યાન રહ્યા કરતું હતું. અખંડપણે ધ્યાન રહ્યા કરતું હતું."

આ યૌગિક તેમજ પ્રાણાયામના અનુભવો પછી ડો. અમીન વધુ સિદ્ધિ માટે ઇ સ. ૧૯૬૫માં શ્રી અરવિંદ આશ્રમ પોંડીચેરીમાં ગયા. પૂ. શ્રી યોગેશ્વરને અરવિંદ આશ્રમનો જે અનુભવ થયો હતો તેવોજ ડો. અમીનને અનુભવ થાય છે. શ્રી અરવિંદ આશ્રમમાં સ્થાન પ્રાપ્ત કરવું અનેક સાધકો માટે મુશ્કેલ બન્યું છે. ડો. અમીને તેમના યોગ જીવનમાં સાધક તરીકે શ્રી અરવિંદ આશ્રમના અનુભવો પર લખે છે કે 'હું ૧૯૬૫માં પોંડીચેરી આશ્રમમાં ગયો ત્યાં એક રૂમમાં રહેતો હતો અને આશ્રમના રસોડે જમવા જતો હતો. ત્યાં એક રાત્રે અર્ધ સુષુપ્ત અવસ્થામાં ગાઢ ધ્યાન સ્થિતિમાં એક દિવ્ય સંન્યાસી જેવા પુરુષનાં દર્શન થયાં. અને એમણે મારી અંદર પ્રવેશ કરી નાભી આગળ ટકોરા માર્યા તેટલે એકદમ આંચકો આવ્યો કાંઈક ઉપર ચઢતું દેખાયું અને રોમે રોમ આનંદ આનંદ પ્રસરી ગયો, પછી હું ત્યાં શ્રી અંબુભાઈ પુરાણી, પૂંજાલાલભાઈ, શ્રી સુંદરમ, સત્યેન્દ્રભાઈ ઠાકોર, એમ. પી. પંડિત વગેરે ઘણાને મળ્યો પણ દિવસનો મોટો ભાગ મહર્ષિ અરવિંદની સમાધિ આગળ ધ્યાનમાં બેસી રહેતો. ત્યાં મને સફેદ કમળો દેખાવા લાગ્યાં. લાલ કમળો પણ દેખાવા લાગ્યા. નિરવ શાંતિ ઉપરાંત ભ્રૂકુટિમાં પ્રકાશની સાથે શ્વેત કમળો પણ દેખાવા લાગ્યા. તે સમયે હૃદયમાં જમણી બાજુની નાડીના ધબકારાની સાથે ગાયત્રીના અજપા જપ ચાલુ જ રહેતો હતો એટલે દેશકાળનો જાજો ખ્યાલ રહેતો નહીં. સમય ક્યાં પસાર થયો તેની

ખાસ અસર રહેતી નહીં અને મનનમાં સ્પંદનો પણ ઉઠતા નહીં. વૃત્તિ એટલી બધી અંતરમુખી રહેતી હતી કે કોઇ-પણ દૃશ્ય કે ક્રિયાની પ્રતિક્રિયા થતી નહીં.

ડો. અમીન સિદ્ધિ અર્થે પરિવ્રાજકની જેમ ગુરુ શોધમાં ભ્રમણ શૂર કરે છે. શ્રી અરવિંદ પોંડીચેરી આશ્રમ છોડીને તેઓ ગોવા તરફ પ્રયાણ કરે છે તે અનુભવો પર તેઓ લખે છે કે ત્યાંથી હું ગોવા ગયો. ગોવાના જંગલોમાં મને ધ્યાન-ની એકદમ અનુકૂળતા રહી પણ એક અંગ્રેજી લેખમાં લખે છે કે મેં આ આશ્રમનું વાતાવરણ માણ્યું અને ત્યાંથી સદ્ભાગ્યે એક સંન્નારીએ મને ગણેશપુરીનો આશ્રમ ચીંધ્યો પણ ગોવાના જંગલોમાં તેઓ સ્થિર ન થઇ શકયા. સાધુ તો ચલતા ભલા ને...! ગોવાથી વિહાર કરી ડો. અમીન મુંબઇ-માં આવે છે. ને ત્યાં તેમને ભાળ મળે છે ગણેશપુરીમાં આશ્રમ સ્થાપી સાધના કરતા પરમહંસ મુક્તાનંદ બાબાની. ડો. અમીન ગણેશપુરીમાં જાય છે અને તે અનુભવો વર્ણવે છે કે 'તે વખતે ઈ. સ. ૧૯૬૫માં આશ્રમમાં ઝાઝાં માણસો ન હતાં. તેમણે મને બીજે દિવસે વહેલી સવારે પ્રેમપૂર્વક ધ્યાનમાં બેસાડ્યો, પદ્માસનવળાવી તેમના શ્વાચ્છોશ્વાસ, મારા સ્વાચ્છોશ્વાસ–પ્રાણ સાથે જોડી દીધા. કપાળમાં અંગૂઠાથી સ્પર્શ કર્યો, મન એકદમ 'ડીપ મેડીટેશન'માં સરી ગયું. મન શાંત સરોવરમાં ડૂબી ગયું. પ્રસન્નતાયુકત શાંતિ પ્રસરી ગઇ. અકથ્ય આનંદ થવા લાગ્યો. પછી ધીરે ધીરે મન બહાર આવવા લાગ્યું ત્યાં, પાછળ ઉભેલા મુક્તાનંદ બાબાનો પ્રેમ-ભર્યો અવાજ સંભળાયો 'આપકી કુંડલીની જાગ ગઈ હે...! આથી મેં કહ્યું બાબા પ્રાણાયામ કે આસનો કે એવું તો કાંઇજ થયું જ નહીં' આથી તેમણે સત્તાવાહી અવાજે કહ્યું. 'ઇસકી જરૂરત નહીં હે...!' આ અનુભવ મને લાંબા સમય



સુધી રહ્યો. મુકતાનંદ બાબાએ મને ત્યાં ત્રણ દિવસ રોકાઇ જવાનું કહ્યું. પછી તેમણે આ રીતે ૩ વાર ત્રણ ત્રણ દિવસ માટે આવવાનું કહ્યું. તે પ્રમાણે તેમની પ્રક્રિયા પૂરી કરી. ડો. અમીને પરમહંસ મુક્તાનંદ બાબા ઉપર અંગ્રેજી ભાષા-માં લખેલ એક લેખ–ધી વન્ડર ઓફ ગુરુજ ગ્રેસ–માં લખ્યું છે કે ત્યારથી અદ્યાપિપર્યંત હું અવિરત પણે ધ્યાનમાં બેસું છું.'

ડો. અમીન ઈ. સ. ૧૯૭૦ ઓગષ્ટ મહીનામાં આ આશ્રમે પુનઃ ગયા ત્યારના તેઓ અનુભવ તે જ અંગ્રેજી ભાષામાં લખેલ લેખમાં વર્ણવે છે. મારી બંધ આંખો સામે નવી ક્ષિતિજો ખૂલવા માંડી. એક અનંત પટલ જાણે પ્રગટ ન થતો હોય, શાંતિપ્રદ, આહ્લલાદક અને શકિતપ્રદ દર્શન! નાનકડા કદથી માંડીને હિમાલયના કદના અનેક શિવલિંગો તે દર્શનમાં દૃષ્ટિ સમક્ષ તરવા લાગ્યાં. ભગવાન નિત્યાનંદનું દર્શન થયું. પ્રકાશે ઝળહળતા તેમના શીષનું દર્શન થયું. તે મારી સમીપ આવી મારા શીશમાં જાણે પ્રવેશ્યું. બીજી વખતે, શિવલિંગે બાબા મુકતાનંદના સ્વરૂપને ધારણ કર્યું. મને અગમ્ય શકિતની અનુભૂતિ થવા લાગી. જાણે નિર્ગુણ બ્રહ્મ સગુણ બ્રહ્મરૂપે રમણા કરવા લાગ્યા હોય...! જેવા મેં મારા ચક્ષુઓને બીડ્યા કે તરતજ મારા આંતરચિત્તમાં પ્રકાશ ફેલાયો. દેવદેવીઓ જેવાં કે ભગવાન શંકર, વિષ્ણુ, શ્રીકૃષ્ણ, લક્ષ્મી, અંબાજી, સરસ્વતી દેવી ઇત્યાદિ દૃષ્ટિ સમીપ થયાં. ભગવાન નિત્યાનંદ, ભગવાન બુદ્ધ, ભગવાન ઈસુ, ચિત્તના ચલપટ્ટ ઉપર દર્શન આપવા લાગ્યા. આ પીંડ જાણે અમૃત જળથી જાણે સ્નાન કરવા લાગ્યો. મને ભાસ થવા લાગ્યો કે આ દેહનું ઉર્ધ્વગમન થવા માંડ્યું. જેમ મંદ મંદ સમીર લહરમાં ગુલાબ પુષ્પ આનંદથી નર્તન સાથે

અનાહતનાદ સર્જી રહ્યું હોય...!

મારી ધ્યાનાવસ્થામાં મારા દર્શનમાં પરા પ્રકૃતિમાંથી પશુપંખીઓ પણ વિચરતા જોવા મળે છે. સ્ફટિકો, રત્નો અને માણેક મઢ્યા ફળોથી લચી પડતા વૃક્ષોય ખરા...! સાધકના સમર્પણ ભાવથી આતુર એવા પુષ્પિત છોડો અને ફૂલ માળાઓ પણ ધ્યાનમાં આંતરચક્ષુમાં નજરે પડે છે. એક પ્રકારના દર્શન જેમ એક વખતે નંદીએ નંદીશ્વરનો દેહધારણ કર્યો અનેક કદના નાગરાજો જાણે મારી ભણી સરકતા હોય એમની પહોળી વિશાળ અને ઉર્ધ્વફેણો જાણે મહાન જગતનિયંતાને પ્રાર્થના ન કરતા હોય...! તેમાંના બે નાગરાજો અત્યંત આકર્ષક હતા તેજ વેરતી તેમની ધવલ શ્વેત ત્વચા-કાંચળી, મારા હૃદયને આ દૃશ્યે પુલકિત કર્યું કેમ કે મને તે સૌ દિવ્યતાના પ્રતિકો ભાસ્યા.

આમ તેજ અને વર્ણના સંમિશ્રણથી વિશિષ્ટપણે બદલાયા કરે છે. મારા ચર્મચક્ષુ જ્યારે ખુલ્લા હોય છે ત્યારે મારી દૃષ્ટિ સમીપ તેજ તણખાઓ સ્ફુલિંગો નૃત્ય કરતા જોવા મળે છે. જ્યારે હું સાધનામાં બેઠો હોઉં છું ત્યારે દેહભાવને સાવ વિસરી જઉં છું અને આધિદૈવી ભૂમિમાં પહોંચી જઉં છું. સર્વતોમુખી ભૂમિકામાં રાચતા મારા ચિત્તના પ્રવલંબન હોય, તેવું મને આ પ્રકારના યોગાનુભવથી તારવવું સૂઝે છે. આ અનુભવો મને પ્રેરણા આપે છે અને મારામાં નૂતન તાજગીભરી શક્તિને રેડે છે જે મારા યોગમાર્ગના પથપર વિહરવા માટે બળપ્રદ છે."

આજ વર્ષમાં ડો. અમીન 'ધ એકસ્પરિમેન્ટ્સ ઈન ઈન્ટરનેશનલ લીવીંગના ઉપક્રમે ધ અમેરીકન' સંઘમાં અમેરીકા ગયા. તેઓ લખે છે કે, 'ત્યાં પણ મારી ધ્યાનાવસ્થા તો ચાલુ જ રહેતી. વહેલી સવારે બે કે ત્રણવાગે



ધ્યાનમાં બેસતો ને તે જ સ્થિતિ પાંચ છ વાગ્યા સુધી-આ સ્થિતિ એક ધારી રહેતી.'

ડો. અમીનને અમેરીકાના વતનીઓએ ભારતીય સંસ્કૃતિ, ભારતીય તત્વજ્ઞાન, યોગ અને નાળિયેર જેવા ધાર્મિક પ્રતિકો તેમ જ ભારતીય હિન્દુ નારીના ભાલમધ્યે શોભતા કુમકુમ ચાંલ્લા પરના પ્રશ્નોના ડો. અમીને યોગની પરિભાષામાં આપેલા ઉત્તરોમાં ડો. અમીનનો યોગ પ્રેમ તેમ જ યોગમય બનેલ તેમનું તલસ્પર્શી દર્શન-ચિંતનનું દર્શન થાય છે. આ અંગે એક અલગ લેખ થવો ઘટે.

ડો. અમીન અમેરીકાના પ્રવાસમાં દૂધ અને ફળાહારી બન્યા, તે પ્રવાસે ડો. અમીનને અન્ન તરફ અભાવ વા અન્નમય કોશની સાત્વિકતા તરફ દોર્યા. વર્ષોથી ડો. અમીન માત્ર દૂધપાન કરી દેહને નભાવી રહ્યા છે. તેઓ લખે છે કે, 'અમેરીકાથી આવી પાછો સદાશિવ આશ્રમમાં ગયો. શ્રી-સદાશિવ સ્વામીની અપાર કૃપા હતી, જો કે તેમની યોગ પદ્ધતિ જરા જુદી હતી. તેમની શબ્દબ્રહ્મની ઉપાસના હતી.'

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મેંદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने

પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

ન્યાયશાસ્ત્રના ઉચ્ચ શિખર પરથી અદ્વૈતવાદના સર્વોત્કૃષ્ટ શિખર સર કરીને છેવટે પીતામ્બરધારી વેણુવિહારી શ્રીકૃષ્ણ-ચન્દ્રની રાસલીલાના રસાસ્વાદમાં નિમગ્ન થનાર શ્રી મધુસૂદન સરસ્વતી નીચેના પ્રચલિત શ્લોકના રચયિતા છે એવી બહુ થોડા લોકોને ખબર હશે.

वंशी विभूषितकरान्नवनीरदाभात् ।
पीताम्बरा दरुण बिम्बकलाधरोष्ठात् ॥
पूर्णेन्दु सुंदर मुखा दरविन्दनेत्रात् ।
कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने ॥
( गूढार्थदीपिका )

અદ્વૈત જ્ઞાનના પ્રસ્તોતા તરીકે શ્રી શંકરાચાર્ય પ્રખ્યાત છે તેમ શ્રી વલ્લભાચાર્ય પુષ્ટિ માર્ગના, શ્રી મહાપ્રભુ ચૈતન્ય સંકીર્તન ભક્તિના અને શ્રી તુલસીદાસ રામભક્તિના પ્રણેતા–પ્રસારક તરીકે પંકાયા છે. ભારતીય સંસ્કૃતિના વિવિધ આચાર્ય જ્યોતિર્ધરોએ જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ વગેરે બ્રહ્મપ્રાપ્તિનાં સાધનો પૈકી એકાદ પ્રતિ વિશેષ ઝોક આપી પોતાની કૃતિઓ રચી છે. જે વિરલ વિભૂતિઓ જ્ઞાન અને ભક્તિનો સુભગ સમન્વય સાધ્યો છે તેમાં ૧૬–૧૭મી સદીમાં થઈ ગયેલા આચાર્ય શ્રી મધુસૂદન સરસ્વતીનો સમાવેશ થાય છે.

આ મહાપુરુષના જન્મ અને દેહવિલયની ચોક્કસ સાલ કે મિતિ ઉપલબ્ધ નથી, પરંતુ વિદ્વાનોએ તેની સીમા–રેખા આંકી આપી છે. શ્રી મધુસૂદને તેમના 'પરિમલકાર' પદમાં અપ્પય દીક્ષિત પ્રત્યેનો અત્યંત આદરભાવ પ્રકટ કર્યો છે.



શ્રી દીક્ષિતની, અવસાનની સાલ નિશ્ચિતપણે સંવત ૧૬૫૦ છે. આથી શ્રી મધુસૂદનનો જન્મ તે પછી એટલે કે ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં થયો હોવાનું વિશ્વસનીય મનાય છે. તે સમયના પ્રકાંડ નૈયાયિક શ્રી ગંગાધર તેમના સહાધ્યાયી હતા. 'રામચરિત માનસ'ની રચયિતા (રચના ઇ. સ. ૧૫૭૪) ગોસ્વામી શ્રી તુલસીદાસ અને કીર્તન કેસરી શ્રી ગૌરાંગ મહાપ્રભુ તેમના સમકાલીનો હતા.

તે સમયે 'રામચરિતમાનસ'ની ખૂબ પ્રતિષ્ઠા હતી. તેનાથી ક્ષુબ્ધ થયેલા કાશીના પંડિતોએ એવી ઘોષણા કરી કે તે ગ્રંથનું ગૌરવ જો મધુસૂદન સરસ્વતી સ્વીકારે તો જ તેને કાશીનો વિદ્વદ્‌વર્ગ તેમની માન્યતા આપે. આમ શ્રી મધુસૂદનના તટસ્થ અભિપ્રાયનું આટલું બધું મહત્ત્વ હતું.

શ્રી મધુસૂદને પ્રેમપૂર્વક 'રામચરિતમાનસ'નું પરિશીલન કર્યું. તેમનો સંમતિદર્શક શ્લોક આ રહ્યો.

आनन्दकानने ह्यस्मिन् जङ्गमस्तुलसीतरुः ।
कविता मञ्जरी भाति राम भ्रमर भूषिता ॥

આ કાશીરૂપી આનંદવનમાં તુલસીદાસ તો એક હરતું ફરતું તુલસીતરુ છે તેમની કવિતારૂપી મંજરી એટલી બધી મોહક છે કે તેના પર રામરૂપી ભ્રમર સદા ગુંજારવ કરે છે.

'આઇને અકબરી'માં અબુલ ફઝલે અકબર બાદશાહના વખતના જ્ઞાની તપસ્વીઓની જે નામાવલી આપી છે તેમાં નિર્દિષ્ટ કરેલા ૯ હિંદુઓમાં પહેલાં બે નામ (૧) માધવ સરસ્વતી અને તેમના શિષ્ય (૨) મધુસૂદન સરસ્વતીનાં છે.

'મધુસૂદન સરસ્વતી' એ નામ તો સંન્યસ્તની દીક્ષા મેળવ્યા પછી ધારણ કરેલું નામ છે. તેમનું પૂર્વાશ્રમનું નામ 'કમલજનયન' હતું. બંગાળ પ્રાન્તના ફરીદપુર જિલ્લાના કોટાલપાડા ગામમાં પવિત્ર ધર્મનિષ્ઠ બ્રાહ્મણ પ્રમોદન પુરન્દર-

ને ત્યાં કમલજનયનનો જન્મ થયો હતો. મોટાભાઇ યાદવાનન્દનું વાકલા રાજ્યના દરબારમાં ન્યાયના પંડિત તરીકે સારું માન હતું. કમલજનયન બાળપણથી જ પ્રતિભા સંપન્ન હતા. ૨૦ વર્ષની વયમાં તો તેણે નવદ્વીપમાં ન્યાયશાસ્ત્રના પારંગત તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. કિશોરકાળમાં જ તેમની કાવ્યલેખન પ્રવૃત્તિ શરૂ થઈ ચૂકી હતી. તેમના શિક્ષાગુરુ તર્કવાગીશ હરિરામ હતા.

એક વખતે નયનજસુંદર મોટાભાઈ સાથે દરબારમાં ગયા. ત્યાં પ્રસંગ એવો પ્રાપ્ત થયો કે તેમના (મધુસૂદનના) મુખમાંથી શ્રેણીબદ્ધ શ્લોકો નીકળી પડ્યા. સાહિત્ય રસિક રાજા પ્રતાપાદિત્યે પ્રશંસા કરતાં કહ્યું:

"તમારી વિલક્ષણ કાવ્યશક્તિથી હું અત્યંત પ્રભાવિત થયો છું. હું એની કદર કરવા માગું છું. તમારી ઇચ્છામાં આવે તે માગો."

કમલજનયને ડોકું હલાવી વિનમ્રતાપૂર્વક કાંઈ પણ માગવાની અનીચ્છા દર્શાવી. આથી સહેજ અપમાન જેવું લાગતા રાજાએ વરદાન માગવા ફરી ફરી આગ્રહ કર્યો. યાદવાનંદ પણ ચિંતિત બન્યા.

વિમાસણમાં પડેલા કવિ કમલજનયનના ચિત્તમાં એકાએક પ્રકાશનું સ્ફુરણ થયું. તેઓ આ રીતે વિચારવા લગ્યા: આ રાજા આપી આપીને કેટલું અને કેવું આપવાના છે? તેની પ્રસન્નતાથી જે જે વિષય સુખના પદાર્થો પ્રાપ્ત થવાની સંભાવના છે તે તો નશ્વર છે. સનાતન સુખના સ્વામી તો પરમાત્મા છે. એ પરમ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ મનુષ્યે શા માટે ન કરવો જોઇએ?

બસ, કવિ માટે એ ઘડી ધન્ય બની ગઈ. એ પવિત્ર પળે જ કમલજનયને રાજપુરસ્કારની ઉપેક્ષા કરી નગરત્યાગ કર્યો



અને સદ્ગુરુની શોધમાં કાશી પ્રતિ પ્રસ્થાન કર્યું. માર્ગમાં આવેલી મધુમતિ નદીના તટ પર આસન જમાવી એવી દૃઢ નિષ્ઠાપૂર્વક નદીની આરાધના કરી કે થોડા જ સમયમાં મધુમતિ માતાએ સાક્ષાત્ દર્શન અને આશીર્વાદ આપ્યાં.

કાશી પહોંચ્યા પછી ત્યાં એક મઠમાં નિવાસ કરી તેમણે શ્રીધરસ્વામી પાસે વિવિધ શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કર્યું. અભ્યાસ દરમ્યાન તેમનું મનોમંથન વિલક્ષણ પ્રકારનું હતું. કારણ કે તે તો હતા પ્રકાંડ ન્યાયનીતિજ્ઞ અને ન્યાયનો વિરોધ ઘણું ખરું વેદાન્તી વિદ્વાનો હતા. એમણે એવો તર્ક દોડાવ્યો કે પ્રતિપક્ષને મ્હાત કરવા માટે પ્રતિસ્પર્ધીઓની દલીલ યુક્તિઓથી પૂરેપૂરા વાકેફ થવું જોઈએ. તેથી શ્રીરામતીર્થના શિષ્ય બની તેઓએ અદ્વૈત વેદાંતનો સ્વાધ્યાય શરૂ કર્યો. પરંતુ વિલક્ષણ વાત એ બની કે જેમ જેમ તેમનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ તેમના મનમાં રોપાયેલો અદ્વૈત તરફનો વિરોધ ઓસરતો ગયો. તે એટલે સુધી કે સંન્યસ્ત ગ્રહણ કર્યા પછી વર્ષો સુધી તેમણે કેવળ અદ્વૈત દર્શનની સમુચિત પ્રતિષ્ઠા માટે જ તેમની લેખિની ચલાવી. શ્રી રામતીર્થે તેમને વિશ્વેશ્વર સરસ્વતીના મઠમાં મોકલ્યા. વિશ્વેશ્વરની આજ્ઞાથી શ્રી મધુસૂદને ગીતામાં કેવલાદ્વૈત સિદ્ધાંત કઈ રીતે પ્રકટ થયો છે તેનું વિશ્લેષણ કરતું ગૂઢાર્થદીપિકા નામનું અપૂર્વ ગીતાભાષ્ય રચ્યું તે ભાષ્ય તથા તેમણે પાછળથી રચેલો 'અદ્વૈતસિદ્ધિ' ગ્રન્થ તો આજ પર્યંત અદ્વૈતવાદીઓમાં પ્રમાણ ગ્રન્થ મનાય છે તેમની પ્રત્યુત્વન્ના બુદ્ધિ પ્રતિભા અને વિદગ્ધતાથી ખૂબ પ્રસન્ન થયેલા મઠના આચાર્ય શ્રી વિશ્વેશ્વર સરસ્વતીને તેમને (કમલજનયનને) સંન્યસ્તની દીક્ષા આપી 'મધુસૂદન સરસ્વતી' નામ આપ્યું.

દીક્ષિત થયા પછી શ્રી મધુસૂદન શ્રીક્ષેત્રની પાસેની એક

નદીના તટ પર ૧૭ વર્ષ સુધી જનસંગથી અલિપ્ત અને અજ્ઞાત રહી કઠોર તપ કર્યું. તેમના તપઃ કાળ દરમ્યાનની બે ઘટનાઓ નોંધપાત્ર છે.

એ પ્રદેશના વીરસિંહ નામના રાજા નિઃસંતાન હતા. સંતાન પ્રાપ્તિ માટે તેમણે ઘણાં પુણ્યકાર્યો કર્યાં. એક રાત્રે રાજાને સ્વપ્નમાં એવો સંકેત મળ્યો કે 'સંત મધુસૂદન સરસ્વતીની તું સેવા કર તારી મનોકામના જરૂર ફળશે.' તેને સ્વપ્નમાં સંતની આછીપાતળી ઝાંખી પણ થઈ. એ ઝાંખીને આધારે રાજાએ વર્ષો સુધી સંતની ખોજ કરી, પણ તેમની ભાળ ન મળી. એક વખતે પ્રવાસમાં રાજાના માણસો છાવણી માટે માટી ખોદી રહ્યા હતા. ત્યાં તેમને એક તપસ્વીનાં દર્શન થયાં. રાજાએ સ્વપ્ન દૃષ્ટ મૂર્તિને ઝટ ઓળખી લીધી. તે પ્રસન્ન અને પુલકિત થયા. ધ્યાનસ્થ મૂર્તિના ચરણોમાં પ્રણિપાત કરીને રાજાએ મુનિ માટે એક ભવ્ય મંદિર બંધાવ્યું. અને રાજભોગ વગેરે માટે રાજ્ય તરફથી પ્રબંધ કર્યો. ત્રણ વર્ષ વીતી ગયાં. રાજાની મનોકામના પણ ફળી. જો કે આ સર્વ બાબતોથી મુનિ તો અજ્ઞાત હતા. જ્યારે તેમણે ધ્યાન છોડી આંખો ખોલી તો પોતે જોયેલા વેરાન સ્થળમાં રમ્ય ભવ્ય મંદિર વગેરે જોઇને તેઓ વિસ્મિત થયા. પણ બીજી સવારે કોઇએ તેમને ત્યાં જોયા નહીં. (પ્રશંસા અને લોકસંગથી બચવા માટે.)

બીજી ઘટના એવી છે કે ઉત્કલની પ્રજા ભયંકર દુષ્કાળથી ત્રસ્ત હતી. તેથી ખૂબ વ્યાકુળ બનેલા રાજા મુકુન્દદેવ શાંતિ માટે શ્રી ક્ષેત્રમાં પહોંચી ગયા અને અકાલગ્રસ્ત પ્રજાની સુરક્ષા માટે સંતચરણોમાં પ્રાર્થના નિવેદન કરી. રાજાના આર્જવ અને પ્રજા પ્રત્યેની સદ્ભાવનાથી સંતુષ્ટ થયેલા મધુસૂદનના મુખમાંથી સહજ રીતે આશીર્વાદાત્મક ઉદ્ગાર



નીકળ્યા કે,–

"વૃષ્ટિ થાઓ અને લોકોનું દુર્ભિક્ષદુઃખ દૂર થાઓ."

અને એ આશીર્વાદ સાકાર બન્યા.

પોતાની અનીચ્છા છતાં મધુસૂદન સ્વામીને કેટલીક વખત શાસ્ત્રચર્ચા કે વિવાદસભામાં ભાગ લેવો પડતો. આવે વખતે વિજેતા બનતાં જ તેઓ તત્કાળ, પ્રશંસા કે સમારંભોમાંથી બચવા, તે સ્થાન છોડી ચાલ્યા જતા. એક સમયે તેઓ આ રીતે છટકી શક્યાં નહીં. મહારાજા દરભંગાની રાજસભામાં ઉપસ્થિત દિગ્ગજ શાસ્ત્રજ્ઞ વિદ્વાનોએ તેમનું સન્માન કરી જાહેર કર્યું :

मधुसूदन सरस्वत्याः पारं वेत्ति सरस्वती ।
पारं वेत्ति सरस्वत्याः मधुसूदन सरस्वती ॥

કેવો અર્થ સૂચક શ્લેષગર્ભિત પ્રશસ્તિશ્લોક!

આપણે જોઈ ગયા કે આરંભમાં કેવળ ન્યાયમાં ડૂબેલા કમલજનયનમાં અદ્વૈતના અભ્યાસે પલટો આણ્યો અને ઉભયના સમન્વય તરફ તેમને દોર્યા, તેવો જ બીજો ચમત્કારિક પલટો મધુસૂદનના જીવનમાં એક બીજી ઘટનાએ કરાવ્યો. એક અદ્ભુત પરમહંસનો તેમને ભેટો થયો. તેમના સત્સંગથી તેમનું અત્યાર સુધી જ્ઞાનપ્લાવિત રહેતું હૈયું હવે ભાવદ્રુત બનતું ગયું. એક દિવસે પરમહંસે ટકોર કરી કે,–

"શાસ્ત્રજ્ઞાન તો બધું અહીં જ પડ્યું રહેશે. એ કાંઈ જીવનનું અંતિમ ધ્યેય નથી."

"તો મારે શું કરવું?"

"મનુષ્યનું પરમ લક્ષ્ય તો ઇશ્વરભક્તિ છે."

બસ, તેજીને ટકોરો. એ પરમહંસના પ્રભાવક પ્રબોધથી મધુસૂદનને જ્ઞાન અને ભક્તિ મૂળમાં એકરૂપમાં જોવા મળ્યાં. પછી તો વાદવિવાદ સદંતર છૂટી ગયા. તેઓ ભગવદ્ભક્તિમાં

લાગી ગયા. અને આખરે ભક્તિની ચરમ સીમા પર પહોંચી ગયા. પરિણામે એક વખતના ચુસ્ત નૈયાયિક તથા અદ્વૈતના મહારથી આચાર્યશ્રીને ભગવાન્ શ્રીકૃષ્ણના સગુણ સાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. गूढ़ार्थदीपिकामां તેમણે સ્પષ્ટ રીતે જાહેર કર્યું કેઃ

प्रमाणतोऽपि निर्णीतं कृष्णमात्म्यदभुतम् ।
न शक्नुवन्ति ये सोढुं ते मूढाः निरयं गताः ॥

પ્રમાણો વડે પણ નિર્ણીત એવા (અપ્રમેય) અદ્‌ભુત શ્રી કૃષ્ણના મહિમાને જેઓ સહન કરી શકતા નથી તેઓ મૂઢ છે, અને તેમની ગતિ નરક સિવાય અન્યત્ર ક્યાંય નથી !

તે કાળમાં શૈવો અને વૈષ્ણવો વચ્ચેનો ગજગ્રાહ તીવ્ર હોવાનું મનાય છે. સર્વત્ર શ્યામ બ્રહ્મ શિવમય શ્રી કૃષ્ણનું દર્શન કરનાર મધુસૂદન સરસ્વતીએ ગાયું सोऽहमस्मि परः शिवः । હરહરિભેદનો ખ્યાલ દૂર કરવા તેમણે રચેલાં 'महिम्न-स्तोत्र'ની વિશેષતા એ છે કે, પ્રત્યેક શ્લોકમાં તેમણે શ્લેષનો વિનિયોગ કરીને શિવ અને વિષ્ણુ ઉભયનાં રૂપગુણનું વ્યાખ્યાત્મક વર્ણન કરતાં એમ પ્રતિપાદિત કર્યું છે કે, હરિ હરે હર વચ્ચેનો કોઇ ભેદ પ્રાચીન ઋષિમુનિઓને કે પૂર્વાચાર્યોને અભિપ્રેત નથી.

સંસ્કૃત સાહિત્યમાં આચાર્યશ્રીનું પ્રદાન બહુ મૂલ્ય છે. તેમના મુખ્ય ગ્રન્થોમાં ગૂઢાર્થદીપિકા, શાણ્ડિલ્ય સૂત્ર વ્યાખ્યા, ભાગવત વ્યાખ્યા, રાસપંચાધ્યાયી ટીકા, અદ્વૈતસિદ્ધિ. અદ્વૈત-રત્નરક્ષણ, પ્રસ્થાનભેદ, સિદ્ધાન્ત બિન્દુ, વેદાન્ત કલ્પલતિકા, સંક્ષેપ શારીરિક વ્યાખ્યા, ભક્તિરસાયણનો સમાવેશ થાય છે. 'કૃષ્ણકુતૂહલ' નામના નાટકના કર્તા તરીકે પણ ઉલ્લેખ મળે છે.

આ વિપુલ સાહિત્ય પૈકી 'અદ્વૈતસિદ્ધિ' અને 'ભક્તિ-



રસાયણ' એ બે ગ્રન્થો ચિરંજીવી અને મૂર્ધન્ય કોટીના ગણાય છે. અત્રે એમ કહી શકાય કે શ્રી શંકરાચાર્યના જ્ઞાન-પાસાએ જેમ ભક્ત શંકરને ઢાંકી દીધાં તેમ મધુસૂદન સરસ્વતી-ના 'ભક્તિરસાયણ' ગ્રન્થે જ્ઞાનવેદાન્તના શિરોમણિ ગ્રન્થ 'અદ્વૈતસિદ્ધિ' પર સરસાઈસિદ્ધિ મેળવી છે. અલબત્ત, આપણે ભૂલવું ન જોઈએ કે, એ બન્ને ગ્રન્થો એકબીજાના પૂરક રૂપે તેના કર્તાના સમગ્ર વ્યક્તિત્વને પ્રકટ કરે છે. એ 'ભક્તિરસાયણ' આરંભના શ્લોકમાં જ આચાર્યશ્રીએ કહ્યું છે કે, ઘણા જ્ઞાની જનો કોઇ અનન્તમાં ચિત્તને સ્થાપિત કરીને વિષયાન્તર દ્વારા બલિષ્ઠ સંસાર રાગનું તત્કાળ પૂરતું પ્રશમન કરવા પ્રયત્ન કરે છે પરંતુ શ્રીકૃષ્ણના પાદપદ્મમાં પ્રસ્રવતા મકરંદબિન્દુનો વારંવાર આસ્વાદ કરવાથી જે શાંતિ પ્રાપ્ત થાય છે તે જ ચિરસ્થાયી હોય છે. ભગવાન સ્વયં પરમાનંદસ્વરૂપ છે. તે જ્યારે મનમાં પ્રવેશી જાય છે ત્યારે તે પૂર્ણરૂપથી તે ભગવાનના આકારનું થઇને રસમય બની જાય છે. रसो वै सः । દ્રવિત ચિત્ત જ્યારે સર્વવ્યાપક નિત્ય-પૂર્ણ ચિદાનંદસ્વરૂપ ભગવદાકાર ધારણ કરે છે ત્યારે તેને માટે કાંઇ પણ શેષ રહી શકતું નથી. ત્યારે તો શ્રુતિ કહે છે તેમ पूर्णमेवा व शिष्यते ।

વેદાન્ત જગતમાં ભગવદ્‌માધુર્ય સમ્બલિત ક્રાન્તિ ઉત્પન્ન કરનાર ભક્ત શિરોમણિ આચાર્યકવિ શ્રી મધુસૂદન સરસ્વતી-ને લાખો પ્રણામ.

( પૃષ્ઠ ૨૪ નું અનુસંધાન )

રહ્યા છે. પૂ. માએ સમજાવ્યું કે પરસ્પરના આ અજ્ઞાત આકર્ષણ પાછળ ઋણાનુબંધ રહેલો છે. પૂ. મા પોતાના જીવનની વાત કરતાં કહે કે અમે પણ સીતામાતાની જેમ ગુરુદેવપ્રભુ તરફ અજ્ઞાત આકર્ષણ અનુભવેલું. પૂ. મા કહે "મને સીતામાતાના દિવ્ય આકર્ષણની વાત તદ્દન સાચી લાગે છે." પૂ. મા ગુરુદેવપ્રભુ સાથેની દક્ષિણભારતની યાત્રાનો પ્રસંગ યાદ કરે છે. સ્વયંભૂ જ્યોતિર્લિંગ શ્રી શૈલમ્‌ના પવિત્ર સ્થાનમાં ગુરુદેવપ્રભુએ પૂ. માને જે રીતે અલૌકિક દીક્ષા આપી તે વાત પૂ. મા કહે છે. પૂ. મા કહે, "દીક્ષાની રાતે ગુરુદેવપ્રભુએ આખી રાત દર્શન આપેલાં." આ સમગ્ર ઘટનામાં જે સહજ આકર્ષણનો અનુભવ થયેલો તેની પાછળ પણ ઋણાનુબંધનું બળ હતું. પૂ. મા કહે, "પૂ. શ્રી હયાત હતા ત્યારે મારું દુઃખ જોઈ ન શકતા. મારું આ તપનું કષ્ટ પણ તેઓ સહન ન કરી શકત."

પૂ. માની વાતચીતનો હેતુ પૂ. શ્રીના મૃદુ, સંવેદનશીલ સ્વભાવના દર્શન કરાવવાનો હતો. શ્રી નારાયણભાઇ વારંવાર કહે છે કે પૂ. શ્રી મહાન જ્ઞાની, યોગી કે ભક્ત છે તે કરતાંય સૌથી વધું પ્રેમી છે.

આજે આપણે સૌ જોઇ રહ્યા છીએ કે એ અલૌકિક પ્રેમની સંજીવનીનો સહારો લઈને પૂ. મા આકરાં તપનાં ચઢાણ ચઢી રહ્યાં છે. એ પ્રેમને મૂર્તિમંત કરવા પૂ. માએ જાણે બલિદાનની અહાલેક જગાવી દીધી છે. શ્રી વિદ્યારણ્યમુનિની તપશ્ચર્યાને યાદ કરતાં પૂ. મા કહે કે "મારે પણ એક પછી એક તપનાં અનુષ્ઠાનોની માળા ગૂંથીને પ્રભુને પહેરાવતા રહેવાની છે. મારું ધ્યેય હાંસલ ન થાય ત્યાંસુધી હારી કે થાકીને અટકવાનું નથી. મને શ્રદ્ધા છે કે એ દિવ્ય



ઘડી જરૂર આવશે."

અત્યારે સૌ ભક્તવૃંદ પૂ. માની અલૌકિક નિષ્ઠાનાં દર્શન કરી રહ્યા છે. અસ્વસ્થ તબિયતને લીધે પૂ. મા ઓશીકાને અઢેલીને સૂતાં સૂતાં પણ રામાયણના ગાન સાથે પ્રભુપ્રેમની નિષ્ઠાનું પયપાન કરાવી રહ્યાં છે. અસ્વસ્થ તબિયત છતાં રામાયણ ગાનમાં કયાંય કંટાળો, થાક, આળસ કે જડતાનાં દર્શન થતાં નથી. આ અવસ્થામાં પણ ઉત્સાહનો ફુવારો જીવંત બનીને સૌના શ્રમિત તન, મન ને સ્ફૂર્તિ બક્ષી રહ્યો છે. દિવ્યતાની ભરતીમાં કોઇ ઊણપ આવી નથી. શ્રીપ્રભુના અક્ષરદેહ સમો દળદાર રામાયણગ્રંથ પૂ. માના ખોળામાં વિરાજી જાણે ધન્યતા અનુભવી રહ્યો છે. પૂ. માની શ્રદ્ધાભક્તિનું વિરલ દર્શન સૌ પામી રહ્યાં છે.

ગંગામૈયાની ગોદમાં અનેરા ઉત્સાહ વચ્ચે આજનું રામાયણ પારાયણ પૂર્ણ થાય છે. પૂ. મા હાથ જોડી ગંગામૈયાને પ્રણામ કરે છે. ગંગામૈયા પ્રત્યેના પ્રેમને લીધે પૂ. માના અંતરમાંથી પ્રગટેલી ગંગામૈયાની આરતીથી ઓરડો ગૂંજી ઉઠ્યો છે.

જય જય જયશ્રી ગંગામૈયા, ભાગીરથી વંદુ તને.

( ક્રમશઃ )

સાધનમાં લેશ પણ સંશય વિનાની અડગ શ્રદ્ધા તથા શુદ્ધ પ્રેમ, ચિત્તમાં ઉત્કટ ઉત્સાહ ઉપજાવે છે ને એવા ઉત્કટ ઉત્સાહથી કરવામાં આવતો વિધિવત્ પ્રયત્ન સ્વલ્પ કાલમાં અનાયાસે સાધનને સર્વાંશે સિદ્ધ કરી દેવારૂપ સફલ થયેલો અનુભવાય છે.

## કૈં ના વળે...

વલખ્યે કૈં ના વળે, હો મનવા !
વલખ્યે કૈં ના વળે,
નિયતિ-નિયમો ફળે, હો મનવા !
વલખ્યે કૈં ના વળે.
મરઘી-બતકી એક બીજાનાં
ઈંડા સેવ્યા કરે,
મરઘી-શાવક કણ ચણવાનું
બતકી જલમાં તરે...હો મનવા !
કાગ ને કોયલનાં ઈંડાંને
કાગડી સેવ્યા કરે,
કા કા કાગ શિશુ કરવાનું
કુહૂ કુહૂ કોયલ કરે...હો મનવા !
દ્રોણ સ્વયં અર્જુનને ધનુની
વિદ્યા મરને ધરે !
નુગરો ભીલકુમાર ધનુર્ધર,
ગાંડીવ દર્પને હરે...હો મનવા !
મર્યાદા પુરુષોત્તમ રાઘવ
માનુષ-દુઃખ ઉભરે,
પૂર્ણ પ્રભુ કેશવજી પેલા
પારધી તીરે મરે...હો મનવા !
નિયતિ-નિયમો ફળે
હો મનવા ! વલખ્યે કૈં ના વળે.

ડૉ. રણજિત પટેલ (અનામી)



# શ્રી યોગેશ્વરજી-અમ વિશ્રામવટ

'શ્યામભાઈ'

કંઈક બાળપણથી ધર્મ તરફ, યોગ તરફ અભિરુચિ અને પ્રભુ પ્રાપ્તિની ઈચ્છા રહેતી. સંત સમાગમ અને ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવાનો ઝોક નાનપણથી. "ક્યાં બાળપણ અને ક્યાં પામવો સિદ્ધોનો મત." એ ઉક્તિ અનુસાર યોગ્ય માર્ગદર્શન વિના અહીં તહીં વિચારનાં ઝોલા ચાલ્યા કરે. દયાનંદને વાંચીએ તો મૂર્તિપૂજા ખોટી લાગે, રામકૃષ્ણ વાંચીએ તો મૂર્તિપૂજા યથાર્થ લાગે !

કોલેજકાળ દરમિયાન માર્ક્સ, લેલીન સાહિત્યનાં પરિચયથી ધર્મ તરફ અનુરાગ ઘટ્યો, સામાજીક ઉત્થાન, ગરીબી નાબુદી, સામ્યવાદ તરફનો ઝોક વધ્યો. અત્યંત ગરીબ સ્થિતિ, સતત અન્યાયનાં વાતાવરણ વચ્ચે; કોઇ જાતની શાંતિ ન મળે; તેમાં પરીક્ષામાં ઉપરાઉપરી નિષ્ફળતા મળતી ગઈ. ઈજનેરી પ્રથમ (ડીગ્રી)ના વર્ષમાં ત્રણવાર નિષ્ફળ થઈ, વિદ્યાનગર ડીપ્લોમાના બીજા વર્ષમાં દાખલ થયો. આ દરમિયાન હઠયોગ, મંત્ર અનુષ્ઠાન, શ્રી અરવિંદ, શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી રામદાસ સ્વામી, સ્વામી શિવાનંદ, જ્ઞાનેશ્વર, પ્રકાશાનંદજી ગોદડિયા વગેરેના અક્ષરદેહનો સમાગમ કર્યો અને જે રીતે સમજ્યો તે રીતે સાધન કરવા પ્રયત્ન કરેલો. પણ આંતરપ્રકાશ લાધ્યો નહીં. આસન સરકસની કસરત લાગે. પ્રાણાયામ ધમણ ફૂંકણી લાગે. જ્યાં જઈએ ત્યાં તોતારટણ. મોક્ષની વાત ઘણી, પણ કોઇ મોક્ષનું દ્વાર બતાવે નહિ. આમ શ્રદ્ધા ઊઠી ગઈ. જીવન ખારું લાગે, પરિણામે ચિત્ત નાસ્તિક અને માર્ક્સવાદી રંગે રંગાઇ ગયું.

પૂર્વના પુણ્યના ઉદયે મને દશનામી-ગિરિ શાખાના અલક્ષપણે વિચરતા સંતનો સમાગમ થયો એક અલૌકિક ક્ષણે તોતિંગ તાળાં, રજભર કૂંચીથી ખૂલી ગયાં. આતમ પ્રકાશ લાધ્યો. રણુંકારપે ઝંણુકાર, ઝંણુકારપે જ્યોતિ, જ્યોતિપે વીંણીયા આતમ મોતી. બે વર્ષ સુધી અંગૂલિ ગ્રહી પંથ પ્રદર્શક બની અભ્યાસમાં દોરતા રહ્યા. કંઈક મારા દુર્ભાગ્ય કે મારાથી અંગૂલિ છૂટી અને હું ફરી માર્ગદર્શક વિહોણો બન્યો.

આ સમય દરમિયાન ઘણા બધા મને માર્ગદર્શન આપવા ઇચ્છા દર્શાવતા પણ મને સંતોષ થતો નહિ. મારા કલ્યાણ દાતાએ બે વાત કરેલી. "યોગ્ય સમયે યોગ્ય ગુરુ તમારા ઘરે આવશે તમારે ભટકવું નહિ પડે." બીજું ગુરુ કેવી રીતે મળે તે સમજાવતા કહ્યું "જાણો છો ? પરમહંસ યોગાનંદજીને યુકતેશ્વરગિરિ કેવી રીતે મળ્યા ? એક સુભગ દિવસે "એક યોગીની આત્મકથા" (અંગ્રેજી) મેળવી, પણ ભાષાના આવરણને લીધે હું આ પુસ્તકનું યથાર્થ પરિશિલન ન કરી શકયો.

૧૯૬૪થી મને મારા પથપ્રદર્શકનો સંપર્ક છૂટી ગયો. પ્રત્યક્ષ માર્ગદર્શન મળતું બંધ થયું. પણ નિર્દેશિત સાધના –અભ્યાસ તથા આત્મદર્શન લક્ષી પુસ્તકો વાંચવાનું ચાલુ રહ્યું.

એક દિવસ અમારા સ્નેહી અને શિક્ષક એવા છોટુભાઇ મને એક પુસ્તક આપી ગયા. "શ્રેય અને સાધના." વાંચવાનું શરુ કર્યું અને જે અનુભવો હું સમજી શકતો ન હતો; જે અનુભવો મને કોઇ સમજાવી શકતું ન હતું તે બારામાં કંઈ જાણકારી પ્રાપ્ત થતી ચાલી. પ. પૂ. યોગેશ્વરજીના આ પુસ્તકમાં એમનું સરનામું ન મળવાથી, એક પત્ર લખી પ્રકાશકને પૂજ્શ્રીને મોકલવા તૈયાર કર્યો; પણ એક રટણ ચાલે "બાવા-



જીએ કહેલુ કે સંતપુરુષ તને ઘરે આવી મળશે, તારે શોધવા નીકળવું નહિ" એમ વિચારી પત્ર પોસ્ટ ન કર્યો; ત્યાં ચમત્કાર થયો હોય એમ એક દિવસ સુરતમાં શ્રી વિનાયક દામોદર જરીવાલાને ત્યાં પૂજ્યશ્રી પધારેલા છે અને મુમુક્ષુને માર્ગદર્શન આપે છે; એમ છાપામાં વાચ્યું. શનિ–રવિની રજાઓમાં ઉકાઈથી સુરત આવી પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં અને મારી કથની કહી. ૧૯૬૫નો એ દિવસ ! વર્ષો જુની પહેચાન હોય એમ અંતરના ઉમળકાથી મને આવકાર્યો. પ્રશાંત ધીરગંભીર ગંગાની નિર્મળતા સમી વાણી ! અંતરમાં શાંતિ પમાડી દીધી.

મારા પિતાશ્રાને વાત કરી તો એ એકલા અમારા ગામથી આવી દર્શન કરી પૂ. છોટુભાઈ અને એમણે અમારા ગામ પધારવાનું આમંત્રણ આપ્યું. અને પૂજ્યશ્રીએ હર્ષ સાથે સ્વીકારી લીધુ. અગિયારસનો દિવસ નક્કી કર્યો. જયારે હું ફરી રવિવારે ઉકાઈથી દર્શને આવ્યો ત્યારે ખબર પડી કે પૂજ્યશ્રી ગામડે જવાના છે. કાચા રસ્તા, વીજળી નહિ, અને ઝૂંપડા જેવા કાચી માટીના મકાનમાં ન જાજરુ કે ન બાથરૂમની વ્યવસ્થા ! કેવી રીતે બધી વ્યવસ્થા થશે ? વધુમાં એ દિવસે મને રજા મળી શકે એમ ન હતી. મારી ગેરહાજરીમાં સરખી વ્યવસ્થા ન થાય તેની ચિંતા હતી પણ પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું "તમને રજા ન મળે તો ન આવશો. અમે તમારા ગામ જઈ આવીશું." અને એ પવિત્ર અગિયારસને દિવસે પૂજ્યશ્રી પૂ.માતાજી, શ્રી વિનાયકભાઈ જરીવાલા ઈશ્વરભાઇ કડીવાલા, ચંચળબેન, છોટુભાઈ માસ્તર આદિ રસાલો વલણ–ટીંબાના કાર્યક્રમ માટે નીકળ્યો. ગામઠી અને અભણ પણ પ્રેમસભર સરળ હૃદયવાળા મુમુક્ષુલોકોએ સંતહૃદય જીતી લીધું.

તે દિવસથી પૂજ્યશ્રી મારા અને મારા પિતાશ્રીના એક અનન્ય માર્ગદર્શક થયા. એમણે મારા ગુરુ થવા કદીએ દબાણ કર્યું નહિ. પણ સાધનાની કેડી જે મને પ્રાપ્ત થઇ હતી તે કેડી ઉપર અનોખા પ્રેમથી દોર્યો.

નોકરીના વર્ષો દરમ્યાન સુરત કે સુરત આજુબાજુ રહેવાનું બન્યું. વર્ષ દરમિયાન સાધનામાં આવેલી ગૂંચ કે સ્વાધ્યાય કરેલા ગ્રંથોની શંકાઓનું નિવારણ સુરતમાં દર વર્ષે થતાં પૂજ્યશ્રીનાં રોકાણો દરમ્યાન અચૂક થતું. પ્રાપ્ત ક્રિયાયોગના અંતરતમ રહસ્યો પૂજ્યશ્રી સામે ઉકેલાતાં સંસારનો બોજો ખેંચી ખેંચીને જે વિક્ષોભ અનુભવાતો, હૃદય બળબળ થતું, ત્યારે પૂજ્યશ્રી પાસે હિમાલય જેવી ટાઢક અનુભવાતી, નવોપ્રકાશ, નવો ઉત્સાહ, નવલ ચૈતન્યનો અનુભવ થતો અને ગુરુનિષ્ઠા દૃઢ થતી. નોળવેલ સુંઘેલા નોળિયા માફક ફરી વિષમુક્ત થઇ સાધન કેડી ઉપર પ્રયાણ કરવાનો નિશ્ચય કરતા. પૂજ્યશ્રીએ ઘણા સાધકોના જીવનમાં ગુરુ થઇ પ્રવેશ નહિ કર્યો હોય, પણ પ્રેમાળવાણી અને માર્ગદર્શનથી ગુરુનિષ્ઠા અચૂક દૃઢ કરી. બળબળતા બપોરે ઉજ્જડ વગડે જેમ વડલો થાક્યા પાક્યા વટેમાર્ગુને વિશ્રામ આપે, શાતા-શાંતિ આપે, એવી શાતા-શાંતિ વિસામો પૂજ્ય યોગેશ્વરજીએ અમને આપ્યો. અમ જીવનમાં શ્રી યોગેશ્વરજી સાચે જ વિશ્રામવટ બન્યા.



## તેનું ભજન કરું

તેને! તેને યાદ કરું, તેને નમન કરું,<br>
રોજ સવારે પ્રથમ ઉઠીને તેનું ભજન કરું.

જેણે...સંસાર રૂપી સાગર સરજાવ્યો,<br>
નાવડી રૂપી નરદેહ બનાવ્યો;<br>
જીવડો પ્રગટાવ્યો...તેને.

જેણે...જીવનની જ્યોતિ પ્રગટાવી,<br>
અંતરની દિવડી સળગાવી;<br>
ચેતના ચમકાવી...તેને.

જેણે...પ્રિત પ્રભુતણી પ્રગટાવી,<br>
તન મહિં તૃષા જગાડી;<br>
ઉર્મિ...ઉછાળી...તેને.

જેણે..દેહ તણું દેવળ બનાવ્યું,<br>
વાટ મૂકી ચેતન જગાવ્યું;<br>
જ્યોતિ પ્રગટાવી...તેને.

જેણે...માનવ દેહના દાનજ દીધાં,<br>
અંતરમાં અજવાળાં કીધાં;<br>
ઉરમાં ભાવ ભર્યા....તેને.

જેણે...ગુરુ ગોવિંદનું શરણું લીધું,<br>
કારજ પ્રભુએ તેનું કીધું;<br>
મા...એ જતન કીધું...તેને.

—હરિ ૐ

# આત્મયોગ

મૂ. લેખક : પૂ.શ્રી આશારામ બાપુ
સંકલન : મમતા ભાટીયા

विश्वं स्फुरति यत्रेदं तरंगा इव सागरे ।
तत्त्वमेव न संदेहश्चिन्मूर्ते विज्वरो भव ।
श्रद्धत्स्व तात श्रद्धत्स्व नात्र मोहं कुरुष्व भोः ।
ज्ञानस्वरुपो भगवानात्मा त्वं प्रकृतेः पर ॥

જ્યાં આ સમગ્ર વિશ્વ સાગરમાં તરંગોની જેમ સ્ફુરિત થાય છે તે તું જ છે. એમાં કોઇ સંદેહ નથી. હે ચૈતન્ય સ્વરૂપ! તું સંતાપ રહિત થા. હે પ્રિય! હે સૌમ્ય! શ્રદ્ધા કર, શ્રદ્ધા કર. સંસારમાં મોહ ન કર. તું જ્ઞાનસ્વરૂપ ઈશ્વર, પરમાત્મા, પ્રકૃતિથી પર છે.

જો તમે શરીરમાં અહંબુદ્ધિ કરશો તો તમારામાં ભય વ્યાપી જશે. કેમકે શરીરનું મૃત્યુ અનિવાર્ય છે. તેનું પરિવર્તન અવશ્ય થવાનું જ છે. ખુદ બ્રહ્માજી પણ એને રોકી શકતા નથી. એકવાર જો તમે આત્મસ્વરૂપને જાણી લો, આત્મસ્વરૂપમાં તમારી નિષ્ઠા થઇ જાય તો તમે પૂર્ણપણે નિર્ભય છો. કેમકે સ્વરૂપનું કદી મૃત્યુ થતું નથી, એનાથી મોત પણ ડરે છે.

સુખ–દુઃખનાં દશ્યો આવશે અને જશે. પડદાને શું? કેટલીય ફિલ્મો અને એનાં દશ્યો આવ્યાં અને ચાલ્યાં ગયાં. પડદો ત્યાંજ પોતાના મહિમામાં અચલ સ્થિત છે. તમે પણ છાતી ઠોકીને કહો : 'અનુકૂળતા કે પ્રતિકૂળતા, સુખ કે દુઃખ જેને આવવું હોય તે આવે અને જવું હોય તે જાય.' તમે દ્દષ્ટા બનીને જોતા રહો. પોતાના મહિમામાં મસ્ત રહો. કેવળ સાક્ષી...નિર્લેપ...



બહાર ગમે તેવી ઘટના બની હોય, ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિ જણાતી હોય, પરંતુ તમારે એથી ખિન્ન થવાની બિલકુલ જરૂર નથી. કેમકે આખરે એ તમારા લાભ માટે જ છે. તમે જો તમારા મહિમાવંત આત્મસ્વરૂપમાં મસ્ત રહો તો તમને મળેલો શાપ પણ વરદાનનું કામ કરશે. ઊર્વશીએ અર્જુનને એક વર્ષ નપુસંક રહેવાનો શાપ આપ્યો હતો. પરંતુ અજ્ઞાતવાસના સમયે એ શાપ પણ અર્જુનને વરદાનરૂપ બની ગયો.

ચિંતા, ભય, શોક, વ્યગ્રતા અને વ્યથાને દૂર ફેંકી દો અને નિર્ભય થઇ જાઓ. પછી તમારું કોઇ કશું જ બગાડી નહિ શકે. દેહાધ્યાસ છોડવો એ સાધનાનું પરમ શિખર છે. તમારે એ સર્વોત્તમ શિખરે પહોંચવાનું છે. મોત આવતાં પહેલાં દેહની મમતાને વિદાય આપવી પડશે. મોહનાં નદી નાળાં પાર કરવાં પડશે, નહિ તો વિકાર અને કર્મબંધન તમારો પીછો નહિ છોડે. તમારી અંદર પ્રભુના ગીતનું ગૂંજન નહિ થઈ શકે. બ્રહ્મસાક્ષાત્કાર નહિ થઈ શકે. જ્યાં સુધી તમે પોતાને હાડ–માંસ–ચામડાંનો દેહ માનતા રહેશો ત્યાં સુધી દુર્ભાગ્ય તમારો પીછો નહિ છોડે. સૌથી મોટું દુર્ભાગ્ય છે જન્મમરણનું ચક્ર.

આજ સુધી તમે જે કમાયા છો, જે જાણ્યું છે, આજ પછી જે કમાશો અને જાણશો એ બધું જ એક દિવસ છોડીને તમે ચાલ્યા જશો. મૃત્યુના એક જ ઝાટકાથી બધું સમાપ્ત થઈ જશે અને પશ્ચાતાપ હાથ લાગશે. માટે આવું થાય એ પહેલાં મોહ–મમતારૂપી પાશને વિવેક–વિચારરૂપી તલવાર વડે સતત કાપતા રહેજો. બહારનાં સગાં–સંબંધીઓને, મિત્રોને મળજો પણ અંદરથી સમજજો કે : 'નથી કોઇ મિત્ર, નથી કોઈ સગું–સંબંધી, એકવાર એ બધાંનો સાથ

છૂટી જશે. મારો પ્રિય મિત્ર તો એ છે કે આખર સુધી, આ શરીરના મોત પછી પણ જે સાથ ન છોડે.'

સદાય શાંત, નિર્ભય અને પ્રસન્ન રહેવાનો અભ્યાસ કરો. નકામા શા માટે દીન થાઓ છો? દીનતા-હીનતા પાપ છે. તમે મોતને પણ નિર્ભયતાપૂર્વક કહી દો : 'એ મોત! તું મારું શરીર લઈ શકે છે, પરંતુ મને કશું જ નહિ કરી શકે. તું મને શું ડરાવવાનું હતું? હજારો લાખો ઉત્થાન અને પતનમાં પણ હું જ્ઞાનની દૃષ્ટિએ જોઇશ. મને આત્માને વળી ભય કેવો?'

કુટુંબના મોહ અને આસક્તિથી પોતાને દૂર રાખો. મનમાં દૃઢ સંકલ્પ કરીને સાધનાના માર્ગે આગળ વધો કે મારું આ દુર્લભ શરીર નથી સ્ત્રી-બાળકો માટે, નથી મકાન-દુકાન માટે કે નથી અન્ય કોઇ તુચ્છ ચીજોના સંગ્રહ માટે. આ અમૂલ્ય માનવશરીર તો છે આત્મસાક્ષાત્કાર કરવા માટે. બહારના બધા સાંસારિક વ્યવહારને એટલું જ મહત્ત્વ આપો કે જ્યાં સુધી તે સાધના માર્ગમાં વિઘ્ન ન બને. સાધના એ મારું મુખ્ય કર્તવ્ય છે, બાકીનાં બધાં કાર્યો ગૌણ છે, એ દૃઢ ભાવના સાથે પોતાના માર્ગે આગળ વધતા રહો.

કોઈપણ અનુકૂળતાની આશા ન રાખો. તુચ્છ સાંસારિક વિષયોની માંગણી ન કરો. કોઇપણ વિષયની માંગણી તમને દીન બનાવી દેશે. વિષયોની દીનતાવાળાને પરમાત્મા નથી મળતા. 'नाऽयमात्मा बलहीनेन लभ्यः । માટે ઈશ્વરની પૂજા કરવી હોય તો ઈશ્વર બનીને કરો. ઈશ્વર જેમ નિર્વાસનિક છે, નિર્ભય છે, આનંદસ્વરૂપ છે તેમ તમે પણ નિર્વાસનિક અને નિર્ભય થઇને આનંદમાં રહો. આ જ ઈશ્વરની પૂજા છે.

તમે પોતાના મહિમાથી અજાણ છો, તેથી ગમે તેનાથી પ્રભાવિત થઈ જાઓ છો. ક્યારેક જાદુગરોના ખેલથી, ક્યારેક



વિદ્વાનોના વક્તૃત્વથી, ક્યારેક સ્ત્રીઓના ચેનચાળાથી, ક્યારેક પુરુષોના કટાક્ષ-બાણોથી અને ક્યારેક થીયેટરોમાં પ્લાસ્ટીકની પટ્ટીઓથી-સિનેમાઓથી પ્રભાવિત થઈ જાઓ છો. કારણ? તમને તમારા સ્વરૂપના ગૌરવનો ખ્યાલ નથી. તમે બહારની કોઈપણ વ્યક્તિ કે પરિસ્થિતિથી પ્રભાવિત થઇ રહ્યા છો તો સમજી લો કે તમે માલિક હોવા છતાં ગુલામ થઈ રહ્યા છો. પ્રભાવિત થતા હો તો સમજો કે હજી અજ્ઞાન ચાલું છે. તમે પોતાના સ્વરૂપમાં જાગ્યા નથી.

સંસાર નથી ઉત્પન્ન થયો કે નથી થવાનો, એ દૃઢ નિશ્ચય રાખો. પોતાને હીન સમજવો અને પરિસ્થિતિઓ સામે નમી પડવું એ આત્મહનન કરવા જેવું છે. તમારી અંદર ઈશ્વરીય શક્તિ છે એ શક્તિવડે તમે સર્વ કંઈ કરી શકવા સમર્થ છો. પરિસ્થિતિઓને બદલવી તમારા હાથમાં છે. વિવેક કેળવીને હીનતાને, મિથ્યા સંસ્કારોને મારી ભગાડીને મહાન થઇ જાઓ.

સાકાર મિથ્યા છે, નિરાકાર સત્ય છે. આપણું શરીર અત્યારે સાકાર દેખાય છે. અત્યારના શરીરની સરખામણીમાં આપણું બાલ્યાવસ્થાનું શરીર ઘણું જ નાનું હતું. માતાના ગર્ભમાં આપણું શરીર એથી પણ નાનું હતું. જ્યારે માતાના ઉદરમાં ગર્ભાધાન થયું હતું તે ક્ષણોમાં આ શરીર અત્યંત સૂક્ષ્મ હતું. એ સૂક્ષ્મ શરીરનો પણ અતિ સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો ખ્યાલ આવે છે કે માતાના ગર્ભમાં આવતાં પહેલાં જીવ અન્ય દેશમાં હતો અને નિરાકાર સ્વરૂપે જ આવીને માતાના ગર્ભમાં પ્રવેશ્યો હતો. પછી સાકાર થઇને ક્રમશઃ વિકસતાં આજના સ્થૂળ રૂપે દેખાય છે. આ સ્થૂળ શરીરમાં નીર-ક્ષીર ન્યાયથી, આત્માઅનાત્માનો વિવેક કેળવીને આપણા મૂળ આત્મસ્વરૂપની ખોજ કરતાં આપણું નિરાકાર

આનંદસ્વરૂપ જ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સમગ્ર જગત મૂલત: નિરાકાર છે, ચૈતન્ય–માત્ર છે. માટે આખા જગતને એક શિવ સમજી નિરંતર આનંદમાં રમણ કરો.

'चिदानन्द रुपः शिवोऽहम् शिवोऽहम्' ।

તમે સર્વત્ર મંગળમય જોવા લાગો. ચિત્ત પોતાની મેળે શાંત થઈ જશે. જે કૃત્યથી ચિત્ત ખિન્ન બને છે એ કૃત્ય કદી ન કરો. જે વિચાર ચિંતા અને લાય પેદા કરે છે એ વિચારનો ત્યાગ કરો. સદા સમત્વમાં રહેવાની તપસ્યા આગળ બીજી બધી તપસ્યાઓ નાની બની જાય છે. સદા પ્રસન્ન રહેવાની કળા આગળ બીજી બધી કળાઓ નાની બની જાય છે. આત્મ-જ્ઞાન આગળ બીજા બધાં જ્ઞાન નાનાં બની જાય છે.

જેનું મન અંતર્મુખ થઇ જાય છે એ ચિત્તના થાકને ત્યાગીને આત્મવિશ્રાંતિનો સ્વાદ લે છે. તમે જેટલા સમાહિત ચિત્ત થતા જશો એટલું જગત તમારા વગ તળે આવતું જશે. તમે સંસારને આત્મદષ્ટિથી જોવા માંડો. પછી જુઓ કે વિરોધ ક્યાં રહે છે? દ્વેષ ક્યાં રહે છે? બ્રહ્મમુહૂર્તમાં સાધકોને જે પ્રેરણા થાય છે તે શુભ હોય છે. તમે જ્યારે વ્યવહારિક કોપડાઓમાં અટવાઇ જાઓ ત્યારે વિક્ષિપ્ત ચિત્તથી કોઈ નિર્ણય ન લો. સવારે વહેલા ઊઠો, સ્નાનાદિથી પરવારીને કોઇ પવિત્ર સ્થાનમાં પૂર્વાભિમુખ થઇને બેસો. પછી જેમનામાં તમને શ્રદ્ધા હોય એ ઇષ્ટદેવને કે ગુરુદેવને નિષ્કપટ ભાવથી પ્રાર્થના કરો. 'હે પ્રભુ! મને સન્માર્ગ બતાવો. મને સત્પ્રેરણા આપો. મારી બુદ્ધિ નિર્ણય લેવામાં અસમર્થ છે. આપ જ મારા પથ પ્રદર્શક બનો.' નિર્દોષ ભાવે હૃદયના ઊંડાણપૂર્વક કરવામાં આવેલી પ્રાર્થનાથી તમને ખરી પ્રેરણા મળી જશે.

(ક્રમશઃ)

---



# ઊંડા અંધારેથી

ભૂપતરાય મો. ઠાકર (ઉપાસક)

માનવી જ માત્ર એવી ઉત્કટ ઝંખના રાખી શકે છે કે તે અંડમાંથી બ્રહ્માંડની, જીવમાંથી શિવની, પામરમાંથી પરમ-ની, બિન્દુમાંથી સિંધુની, ખંડમાંથી અખંડની, તમમાંથી પ્રકાશની, અજ્ઞાનમાંથી જ્ઞાનની, સીમાઓ ઓળંગી જાય. પુરુષમાંથી પુરુષોત્તમ બની શકે. માનવી જ આ કક્ષાએ વિચારી શકે, તે પરમ પ્રકાશ મેળવી શકે, મહા અનલની પાસે ચિનગારી માગી પોતાની સગડી ચેતનવંત બનાવી શકે.

માનવી મહામાર્ગ પર ચાલીને પોતાની મંજિલ સુધી પહોંચવા માગે છે; પરંતુ મંજિલ પર પહોંચતા પહેલાં તેને રાહમાં અનેક પ્રલોભન માણસને કામ, ક્રોધ, મદ, મોહની ગલીમાં વળી જવાની જાણે આજ્ઞા કરે છે! માણસ આમ અંધારી ગલીમાં અટવાયા કરે છે. માનવી આવા 'સાત કોઠા'ની બહાર નીકળી શકતો નથી. અથડાયા કરે છે, ભટકયા કરે છે, કણસ્યા કરે છે, આક્રંદ કરે છે અને બહાર નીકળવાની ઝંખના કરે છે.

ગલીના અંધકારને માણસ–પ્રારંભમાં પોતીકો માનતો તે જ તેના માટે 'કવચ' બની જાય છે. બસ, ત્યારે જ માનવી પ્રકાશની ઝંખના કરે છે. આ અંધકારની આડા-બીડ ગલીમાંથી હવે તેને મહામાર્ગ પર આવવું છે, તેને જીવન જોઇએ છે, જીવનનું સત્ય અને સાર્થકતા જોઇએ છે. કોઇ માર્ગદર્શકની તેને જરૂરત એહસાસ થાય છે. નાનો એવો કોઇ તેજ લિસોટો, એક કિરણ, એક તણખાની તેને જરૂર છે. પોતે રચેલા કોચલામાંથી, પોતે રચેલી જાળમાંથી,

ઘેરાયેલા અંધકારમાંથી બહાર આવવું છે.

કોઇ મહા–આત્મા તેને આ અંધકારમાંથી પ્રકાશમાં લઇ જવા આંગળી પકડી શકે. કોઇ મહા માનવ જ તેને સહારો આપી શકે. જે પ્રકાશમાં હોય તે જ બીજાને પ્રકાશ આપી શકે. કોઇ સંત, કોઇ સદ્‌ગુરુ!

હે ભાઈ, આવતી કાલનું પ્રથમ સૂર્યકિરણ તારા માટે જ છે. તું નિરાશ ન થા, હતાશા ખંખેરી નાખ, દરેક પ્રભાત તારા સ્વાગત માટે આતુર છે, પ્રકાશનો ઉપહાર આપવા શોધ કરે છે. ચાલ હું તને ઊંડા અંધારેથી પ્રકાશની પિછાણ કરાવું! ‘तमसो मा ज्योतिर्गमय।’

મહામૃત્યુમાંથી અમૃત સમીપે જવાની કે ‘તું હીણો હું છું તો...તુજ દરસના દાન દઇજા’ની માગણી કરી શકે. જ્ઞાનાંજનની માગ કરી શકે અને માનવ જીવનને સાર્થક બનાવી શકે. આ ઝંખના માત્ર માનવી જ કરી શકે કારણ કે માણસ જ ઈશ્વરનો પનોતો અંશ છે. માત્ર માનવી જ...

## પ.માશ્રી સર્વેશ્વરી મૌનમાં

પ. પૂ.માશ્રી સર્વેશ્વરી હાલ એક માસ માટે એકાંત ને મૌનમાં છે. તેથી તેમને પત્રો ન લખવા વિનંતિ છે.

એકાંતવાસમાંથી તેઓ જ્યારે બહાર આવશે, ત્યારે તેની જાણ અધ્યાત્મ માસિક કે શ્રી બાબુભાઈ વોરા અમદાવાદનો સંપર્ક કરવાથી થઈ શકશે.

મૌન છૂટ્યા પછી પૂ.મા બપોરે ૧૨–૩૦ થી ૧૩–૩૦ ને સાંજે ૧૮–૩૦ થી ૨૦–૦૦ કલાક સુધી મળશે. સાંજનો સમય સત્સંગનો રહેશે.



( પૃષ્ઠ ૮ નું અનુસંધાન )

સહન કર્યાં કરે છે.

પૂ. શ્રી લગભગ ૧૦–૧૫ (સવાદશ) કલાકે આરામ માટે રૂમમાં ગયા. રાત્રે લગભગ અઢી વાગ્યા સુધી પૂ. શ્રીને અસ્વસ્થતા જણાઈ જેથી પૂ. શ્રી પાસે ખુરશી ઉપર બેસી રહેવાનું બન્યું. ત્યારબાદ પૂ. શ્રીએ કંઈક સ્વસ્થતાથી નિદ્રા લીધી. હરિ ૐ. ( ક્રમશઃ )

શ્રદ્ધાભક્તિની સાથે એકનિષ્ઠાની વૃદ્ધિ કરતા રહેશો. અત્યંત એકનિષ્ઠા વિના મનોજય કઠિન છે.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
“સત્યવાન” તથા “ચંદન”
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

# પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં–પરમાર્થી

(પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની આત્મકથાનો સંક્ષેપ)

## ફરીથી લાંબા ઉપવાસો

માતાજી તારાબેનની સુવાવડ માટે સરોડા જવા ઉપડ્યાં પછી સાતેક દિવસ સહેજે પસાર થઇ ગયા. નવરાત્રીના પવિત્ર દિવસો શરૂ થયા. તે દિવસોમાં ને તે પછી લાંબા વખત સુધી માની કૃપા મેળવવા માટે માની જ પ્રેરણાથી મારે વ્રત કરવું પડ્યું ને ઉપવાસનું આકરું કષ્ટ સહન કરવું પડ્યું.

નવરાત્રી દરમ્યાન ભાઇ જમનાશંકર ઋષિકેશ રહેવા માટે આવેલા. તેમણે રોજ મારી પાસે આવીને ચંડીપાઠ કરવાનું ચાલુ રાખેલું. તેને લીધે ઘણો આનંદ રહ્યો. ઉપવાસના દિવસોમાં બપોરનો વખત જરા આકરો હોય છે. પણ બપોરે લગભગ એક વાગ્યાથી ચાર વાગ્યા સુધી ચંડીપાઠ ચાલતો એટલે તે સમય કેવી રીતે પસાર થઇ જતો તે જણાતું નહિ. પુનમ સુધી મેં મૌનવ્રત રાખેલું. તેને લીધે પણ ઉપવાસમાં ઘણી જ રાહત રહી.

માતાજી ના હોવાથી રોજનું કપડા ધોવાનું, કચરો કાઢવાનું ને દૂધનાં વાસણો ઉટકવાનું સાધારણ કામકાજ મારે જ કરવું પડતું. છતાં માએ શક્તિ, સમજ ને હિંમત સારા પ્રમાણમાં આપી હોવાથી બધું આનંદપૂર્વક થઇ શક્યું. સાધનાની સિદ્ધિની લગની દિલમાં પ્રબળપણે લાગી ગઈ હોવાથી બહારની તકલીફને ના ગણકારતાં મારું કામ મેં ચાલુ જ રાખ્યું.



ભરત મંદિરના સુંદર સ્થાનમાં સિદ્ધિ મેળવવા બનતા પ્રયાસ કરી જોયા, પણ માની મરજી જુદી જ હતી, એટલે ઉપવાસ ચાલુ હતા ત્યારે જ, કારતક સુદી અગિયારસ ને શનિવારે, ઉપવાસને ૪૧મે દિવસે મારે દહેરાદૂન આવવાનું થયું. દહેરાદૂનથી ત્રણેક માઇલ દૂર કોલાગઢ નામે ગામ છે. ત્યાંના પટવારી ભાઈ શ્રી મનમોહનલાલના આગ્રહને લીધે મારે તેમને ત્યાં જવાનું થયું. ઉપવાસનો ક્રમ ત્યાં પણ ચાલુ જ રહ્યો. કોલાગઢની ભૂમિ ઘણી સુંદર હતી. વળી ઋષિકેશ કરતાં ત્યાં ઠંડી પણ જરા ઓછી લાગી. રહેવાનું મકાન પણ એકાંતમાં. એટલે ખૂબ જ આનંદ રહ્યો.

માની પ્રેરણા પ્રમાણે કોલાગઢથી પ્રસ્થાન કરીને અમારે મહેસાણા આવવાનું થયું. ઉપવાસની નબળાઇને લીધે મુસાફરી જરાક કપરી બની ગઈ, છતાં આખે રસ્તે આનંદ રહ્યો. માની પ્રેરણા પ્રમાણે ઉપવાસ ચાલુ જ રહ્યા. સ્ટેશન પર પ્રેમીભાઈ નારાયણભાઇને જોઈને આનંદ થઈ રહ્યો. નારાયણભાઈ ત્યાં જીલ્લા માહિતી અધિકારી નીમાયેલા. મહેસાણામાં એ એકલા જ હતા. તેમનો પ્રેમભાવ ઘણો ભારે હતો. મારા આગમનથી તેમને ઘણો આનંદ થયો. મારી સાધનાથી આજ સુધી મેં તેમને સતત માહિતગાર રાખ્યા હતા. તે તેને સમજી શકેલા. સાધના કરનાર તો કરે પણ તેને સહાનુભૂતિપૂર્વક સમજનાર વ્યક્તિ પણ જવલ્લેજ જડે છે.

૩૪ મે દિવસે મહેસાણા છોડ્યું. તે પછી બીજા ચાર દિવસ ઉપવાસ રહ્યા. મહુવાના શાંત ને સુંદર સ્થાનમાં માની પ્રેરણાથી આવ્યા પછી ત્રણ દિવસ એમ જ રહ્યું. તે પછી જગદંબાની ઇચ્છા પ્રમાણે નવરાત્રી શરૂ થઈ ત્યારથી ગણીએ તો વ્રતને બરાબર ૧૦૧ મે દિવસે ઉપવાસ પૂરા થયા. તેમાં

કોલાગઢમાં માની પ્રેરણા પ્રમાણે છૂટક છૂટક છ દિવસ ભોજનના ગયેલા. આટલા લાંબા ઉપવાસ જીવનમાં પહેલા હતા. મહુવાના સ્થાનમાં પહેલી જ રાતે માએ દર્શન આપી-ને ઉપવાસની પૂર્ણાહુતિ કરવાનો આદેશ આપ્યો. એને અનુસર્યા વિના છૂટકો ન હતો.

ઉપવાસો દરમ્યાન શ્રી સાંઇબાબા ને જગદંબાનું દર્શન વારંવાર થયા કરતું. નિદ્રા પર તો સંપૂર્ણ જય થઈ ગયેલો. રોજનું કામકાજ પણ સારી રીતે ચાલતું. એ બધી જ કૃપા માની હતી. ઉપવાસ તો પૂરા થયા પણ તેની પાછળ જે હેતુ હતો તે અધૂરો જ રહ્યો. માના સાક્ષાત્ દર્શન દ્વારા એક તો ઇચ્છાનુસાર વરની પ્રાપ્તિ ને બીજું માનું નિત્ય નિરંતર, અખંડ કે સતત દર્શન અથવા કહો કે માનો સદા માટેનો પ્રત્યક્ષ સહવાસ. માનું સાક્ષાત્ દર્શન તો ઈ. સ. ૧૯૪૭ ના નવેમ્બરની પહેલી તારીખે ભાઇબીજને દિવસે રાતે થયું હતું પણ તે ઇચ્છા પ્રમાણેનું ને અખંડરૂપે થનારું દર્શન ન હતું. તેથી સાધના ચાલુ જ રહી.

મહુવામાં એક ભાઈએ એકવાર પ્રશ્ન પૂછ્યો કે જેને ઈશ્વરદર્શન થઇ ગયું હોય તેને ઉપવાસ કરવાની જરૂર ખરી? મેં તેનો ઉત્તર આપતા કહેલું કે 'ઈશ્વરદર્શન પછી પણ સાધનાના વિકાસ માટે, ઈશ્વરની પ્રેરણા પ્રમાણે ઉપવાસ કરવાની જરૂર રહે છે. તેથી જરૂર કોઇને લાગતી હોય ને તે પ્રમાણે જો કોઇ ઉપવાસનો આધાર લે તો તેને સહાનુ-ભૂતિની નજરે જોવાની જરૂર છે. સાધક કે સિદ્ધ પુરુષને કયા કારણસર ઉપવાસ કરવા પડે છે તે સાધારણ માણસ કેવી રીતે સમજી શકે'

(ક્રમશઃ)



# રામકથા

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

[ શ્રી યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા ]

'રાજાએ અગાઉથી એવી કોઇ શરત નહતી રાખી.' રામે કહ્યું. 'હવે તો હું એ વરદાન પ્રમાણે કરવા તૈયાર છું. એટલે એ ચર્ચા નિરર્થક છે.'

દશરથે કહ્યું. 'સુકુમારી સીતા વનનાં દુઃખોને કેવીરીતે સહી શકશે?'

સીતા બોલી! 'રામનો સુખદ સહવાસ મને સર્વ કાંઇ સહન કરવાની શક્તિ આપશે.'

કૈકેયીએ ફરમાવ્યું; 'સીતા વનમાં જવા તૈયાર છે તો એને વનનાં વસ્ત્રો પહેરાવો.'

'શા માટે!' વસિષ્ઠ વચ્ચે જ બોલી ઉઠ્યા : વરદાન દ્વારા વનનો આદેશ તો એકલા રામને અપાયો છે. સીતાનું વ્યક્તિત્વ એ આદેશની અંતર્ગત નથી આવતું, એટલે સીતાતો રાજ ભવનનાં સુંદર વસ્ત્રો અને અલંકારો ધારણ કરશે.'

દશરથે કહ્યું: 'રામને ચૌદ વરસ ચાલે એટલું અન્ન, ધન, સુવર્ણ અને એટલાં વસ્ત્ર ને રત્ન આપો.'

'બિલકુલ નહિ,' કૈકેયી ગરજી ઉઠી: 'તો પછી વનમાં જવાનો અર્થજ શો રહ્યો? રામ પોતાની સાથે કશીજ સામગ્રી નહિ લઇ જઈ શકે.'

'મારે કશું જોઇતું પણ નથી.' હું ખાલી હાથેજ વિદાય થઇશ.'

દશરથ એ આઘાત ના સહી શક્યા.

'એ જોરથી આક્રંદ કરી ઉઠ્યા, અને અચેત જેવા બની ગયા.

### દશરથનો પ્રાણત્યાગ

મહારાજા દશરથ જ્યારે જાગ્યા ત્યારે 'હા રામ, હા સીતા, હા લક્ષ્મણ !' એટલુંજ બોલી શક્યા. એમનું આક્રંદ સાંભળીને સૌનાં કાળજાં કરુણ બની ગયાં અને આક્રંદ કરી ઉઠ્યાં. મહર્ષિ વસિષ્ઠની સુચનાથી મહામંત્રી સુમંતે રથ તૈયાર કરાવ્યો.

દશરથની આજ્ઞા લઈને રામ, સીતા અને લક્ષ્મણ સાથે એના પર બેસી ગયા ત્યારે તો એ દૃશ્ય અત્યંત કરુણ બની ગયું.

કૌશલ્યા, સુમિત્રા, ઉર્મિલા ને બીજા બધાં રડવા લાગ્યાં. એ પ્રસંગ પથ્થરને પણ પીગળાવી દે એવો પીડા ભર્યો થઈ પડ્યો.

કૈકેયી અને મંથરાને એ પ્રસંગની અસરથી કોઈપણ પ્રકારની પીડા ના થઇ.

પોતાની યોજના પાર પડી એ જાણીને એમને પીડા થવાને બદલે ઉલટો આનંદ થયો.

એમના પ્રાણને દશરથનો મર્મભેદી વિલાપ પણ ના પીગળાવી શક્યો.

એ એમના પ્રાણને સ્પર્શ્યોજ નહિ એમ કહીએ તો ચાલે. એ બંને સિવાયના અયોધ્યાના બીજા બધાંજ પ્રજાજનો વિષાદ અને દુઃખના ઉંડા દરિયામાં ડૂબી ગયાં. લાંબે સુધી એ રથની પાછળ ગયા. સૌનાં લોચન લાગણીને લીધે આર્વિભાવ પામતા અશ્રુથી



છલકાયલાં હતાં, અને વદન વિષાદથી વીંટળાયલાં. રાત પડી તો પણ કેટલાય લોકો રામનો ત્યાગ કરવા તૈયાર ના થયા. એમણે રામની સાથેજ વનમાં વસવાનો, વિહરવાનો અને ચૌદ વરસ પછી રામની સાથેજ અયોધ્યા પાછા ફરવાનો સંકલ્પ કર્યો. પરંતુ એ સંકલ્પ સફળ ના થઇ શક્યો. રામને એમના પવિત્ર પ્રેમની કદર હતી છતાં પણ એ કોઈનો સાથ નહતા ચાહતા.

રસ્તાના પોતાના વિશ્રામ સ્થાનમાં વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને રામે સુમંતને બોલાવીને કહ્યું 'લોકો મને પ્રેમને લીધે નહિ છોડી શકે. થોડીવાર પછી બધા જાગી ઉઠશેતો આપણે આગળ વધવાનું મુશ્કેલ બનશે. બધા મારી પાછળ આવશે. માટે હજુ બધા નિંદ્રાધીન છે ત્યાં રથને જેટલો પણ દૂર લઈ જઇ શકાય તેટલો દૂર લઈ લો. લોકો જાગ્યા પછી આપણને જોશે નહિ એટલે નિરાશ થઈને કોઈ માર્ગ ના દેખાતાં આપો આપ પાછાં ફરશે.'

લક્ષ્મણને રામની વાત રુચિ ગઈ. સીતા પણ એમની સાથે સંમત થઈ. એટલે સુમંતને એ વાતનો વિરોધ કરવાનું કોઇ કારણ ના રહ્યું. રામની આજ્ઞા પ્રમાણે રથને આડા અવળા રસ્તે થઈને આગળ દોડાવવામાં આવ્યો.

પ્રજાજનો ખૂબજ દૂર રહી ગયા.

આવી રીતે લાંબુ અંતર કાપી લીધા પછી થોડોક વિશ્રામ કરીને રામે સુમંતને જણાવ્યું: 'હવે તમારું કર્તવ્ય પૂરું થયું. અહિંથી આગળનો પંથ અમે પગપાળાજ કાપતા જઈશું. રથને પાછો વાળીને હવે અયોધ્યા તરફ વિદાય થાવ. અયોધ્યામાં પહોંચીને પૂજ્ય પિતાજીને, માતા કૌશલ્યાને તથા સુમિત્રાને અમારા કુશળ સમાચાર પહોંચાડજો-'

'અને ઉર્મિલાને પણ.' સીતા બોલી ઉઠી. એનો પ્રેમ મારાથી નહિ ભૂલાય.

'હા' ઉર્મિલાને પણ અમારા પ્રવાસની સઘળી હકીકત બને તેટલા વિસ્તારથી કહી બતાવજો જેથી એને કોઇ જાતની ચિંતા ના થાય.

'અને એનું ખાસ ધ્યાન રાખજો.' લક્ષ્મણને વાચા ફૂટી. સુમંતનું હૈયું ભરાઈ આવ્યું. એણે રુંધાતા છતાં નેહ નીતરતા કંઠે કહ્યું : અયોધ્યા તમારા વિના સૂની થઈ ગઇ. એનો દેહ રહ્યો, પણ આત્મા ઉડી ગયો. આત્મા વિનાની એ અયોધ્યાપુરીમાં તમારા વિના પ્રવેશ કરતી વખતે મારો પ્રાણ એક પ્રકાની અસહ્ય વ્યથાનો અનુભવ કરશે. એમાં પ્રવેશ કરવાનું મને ગમશે પણ નહિ. માટે જ મારો અવિનય માફ કરો તો તમારા ચરણોમાં મારી એક પ્રાર્થના છે.'

'શી પ્રાર્થના છે?' રામે શાંતિપૂર્વક પ્રશ્ન કર્યો.

'મારી પ્રાર્થના છે કે તમને કશી હરકત ના હોય તો મને તમારી સાથે લઇ લો. મને સાથે આવવાની અનુમતિ મળશે તો મારા પર અનેરો અનુગ્રહ થયો માનીશ. હું તમને કોઇ રીતે ઉપાધી રૂપ નહિ થઉં. પરંતુ તમારા વનવાસના સમયને સુખમય બનાવવા માટે મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તમારી સેવા કરીને લક્ષ્મણની પેઠે હું પણ શાંતિ પામીશ.'

સુમંતનો સ્નેહ રામ સીતા તથા લક્ષ્મણના હૃદયને સ્પર્શી ગયો.

(ક્રમશઃ)

# ❋ ગુરુનું વરણ ❋

ગુરુને શરણે જાઓ. જ્યારે કશું ન સૂઝે ત્યારે ગુરુનો આધાર લો. એ હાથ પકડીને પાર ઉતારશે. જેના પ્રત્યે તમારી સૌથી વધારે શ્રદ્ધા હોય, જેના ચરણોમાં તમારું માથું નમતું હોય, તમે તેને ગુરુ માની લો. એમના ઉપદેશોને વિચાર કર્યા વિના સ્વીકારો. એકવાર કોઇને તમે ગુરુ તરીકે સ્વીકાર્યા પછી જો એમના ઉપદેશો વિષે તમારા મનમાં તર્ક-વિતર્ક પેદા થાય તો માનજો કે તમે એમને ગુરુ કર્યા જ નથી.

કન્યાનું લગ્ન કરો છો ને! જ્યાં સુધી લગ્ન કર્યું નથી, ત્યાં સુધી જ વરની પસંદગી, નાપસંદગી રહે છે. પરંતુ એકવાર જ્યારે લગ્ન થઈ ગયું પછી તો પસંદગી ના પસંદગીનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી. એ જ વાત ગુરુને લાગુ પડે છે. ગુરુ તરીકે કોઇનો પણ સ્વીકાર કર્યા પછી એમના ઉપદેશો વિષે શંકા કુશંકાને સ્થાન રહેતું નથી. વિચાર કર્યા વિના ઉપદેશો સ્વીકારો. એ જ તમારો હાથ પકડી એક જન્મમાં—કે પચાસ જન્મમાં તમને ભગવાન પાસે પહોંચાડશે. માટે તમારો ધર્મ એ છે કે ગુરુ જે કાંઈ કહે તેનું પરિણામ પ્રત્યે દુર્લક્ષ્ય સેવી પાલન કરો.

—શ્રી શ્રી મા આનંદમયી

ADHYATMA Regd. No. GBV 113

# શ્રેષ્ઠ સમાધિ

વિવેકચુડામણિમાં શંકરાચાર્યે સમાધિના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે, પરંતુ સમાધિ કેટલા વખતની હોવી જોઇએ તેની નિરર્થક ચર્ચામાં તે ઉતર્યા નથી. "જેનું મન એક ક્ષણ માટે પણ પરબ્રહ્મ પરમાત્મામાં લીન થઈ ગયું, તેનું જીવન ધન્ય થઈ ગયું, કુળ પવિત્ર થઈ ગયું, તેની જનની કૃતાર્થ થઇ; ને પૃથ્વી પણ તે બડભાગી મહાપુરુષનો સ્પર્શ પામીને સફળ અને પુણ્યશાળી થઇ ગઇ." એવી અંજલિ આપીને એમણે આત્માનુભવ-વાળા પુરુષનું ગૌરવ કર્યું છે. પરંતુ તેઓના લખાણ ઉપરથી જણાઈ આવે છે કે સમાધિના સમય પર ભાર મૂકવાને બદલે તેની ગુણવત્તા પર તેમણે વધારે ભાર મૂક્યો છે. સમાધિનો સમય ગમે તેટલો હોય પણ સમાધિ પ્રાપ્ત કરનારા સાધકને સમાધિ પછી બધે પર-માત્માની સત્તાનું દર્શન થવું જોઇએ, એ વાતને તે ખાસ મહત્ત્વની માની છે. દૃષ્ટિને દૈવી કરીને અંદર અને બહાર બધે જ પરમાત્માનું દર્શન કરાવનારી એક ક્ષણની સમાધિ તેવું દર્શન કરવાની શક્તિ કે દૃષ્ટિ ના આપનારી કલાકો, દિવસો કે મહિનાની સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ છે. એવો એમનો અભિપ્રાય છે. બીજા પ્રકારની સમાધિથી કાળાંતરે કેટલીક સિદ્ધિઓ મળે છે તે સાચું છે, પણ તેની મુખ્ય સિદ્ધિ તો પરમાત્માનું દર્શન જ છે. તેને સાધવામાં જ તેની સફળતા છે. –યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨